R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2009-11. Licensed to post without pre-payment Licence No. 001-200 9-11 to Post at MBC-NVP-AHD-9 on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૨ ● તા. ૧૬મી જૂન, ૨૦૧૦ ● અંક નં. ૨૭

# રોજગાર સમાચાર

તંત્રી : વિ. થિરુપુગલ

સંપાદક : અરવિંદ આર. પટેલ     કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી     સહસંપાદક : નરેશ ચૌધરી, પ્રવિણ સોનારિયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ* ***રૂા. ૩૦/-*** *છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.*

**વેબ સાઇટ : www.gujaratinformation.net**     **Phone No. : 079-232-53440**

## કેન્દ્રિય જાહેર સેવા આયોગ : નવી દિલ્હી

# સેન્ટ્રલ પોલીસ ફોર્સિસ (આસિ.કમાન્ડન્ટસ) એક્ઝામિનેશન : ૨૦૧૦

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૮-૬-૨૦૧૦**

**પરીક્ષાની તારીખ : ૨૪-૧૦-૨૦૧૦**

**જગાઓની કુલ સંખ્યા : ૭૫૩**

**જાહેરાત નંબર : 09/2010-CPF**

ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા તા. ૨૯-૫-૨૦૧૦ ના ગેઝેટમાં પસિદ્ધ થયેલા નિયમો અનુસાર કેન્દ્રિય જાહેર સેવા આયોગ (યુ.પી.એસ.સી.) દ્વારા વિવિધ સુરક્ષા દળો જેવાં કે, **BSF, CRPF, CISF, ITBP, SSB** માં આસિસ્ટન્ટ કમાન્ડન્ટસની ગ્રુપ-**A** ની જગ્યાઓ માટે તારીખ ૨૪-૧૦-૨૦૧૦નાં રોજ અખિલ ભારતીય ધોરણે લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. લેખિત પરીક્ષાની તારીખ કમિશનની મનસુફી મુજબ બદલાઇ પણ શકે છે.

ભરવાપાત્ર જગ્યાઓની સંખ્યા :

| | | | |
|---|---|---|---|
| (અ) | **BSF** | - | ૨૮૪ |
| (બ) | **CRPF** | - | ૩૨૬ |
| (ક) | **CISF** | - | ૮૨ |
| (ડ) | **ITBP** | - | ૦૬ |
| (ધ) | **SSB** | - | ૫૫ |
| | કુલ : | | ૭૫૩ |

- ♦ કમિશન પોતાની મનસૂફી અનુસાર પરીક્ષાના સ્થળો અને તારીખમાં ફેરફાર કરી શકશે. ઉમેદવારને તેમની પસંદગીનું કેન્દ્ર આપવાના શક્ય તમામ પયાસો કરવામાં આવશે. પરંતુ, કમિશન સંજોગોવશાત્ ઉમેદવારને બીજું કેન્દ્ર પણ ફાળવી શકશે, ઉમેદવારોને પરીક્ષાના સ્થળ અને સમયપત્રકની જાણ કરવામાં આવશે.
- ♦ સામાન્ય સંજોગોમાં ઉમેદવારની કેન્દ્ર બદલવાની વિન્તી ગ્રાહ્ય રાખવામાં નહિ આવે. એકવાર અરજીપત્રકમાં પરીક્ષા માટેના કેન્દ્રની પસંદગી દર્શાવ્યા બાદ ઉમેદવાર કેન્દ્ર બદલવા ઈચ્છતા હોય તો તે શા કારણે કેન્દ્ર બદલવા ઇચ્છે છે તે કારણ દર્શાવીને સેક્રેટરી, યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના સરનામે પત્ર લખવો. યોગ્યતાની દ્રષ્ટિએ અમુક વિનંતીઓ સ્વીકારવામાં આવશે. પણ **તા. ૨૮-૭-૨૦૧૦** પછી કરવામાં આવેલી આવી વિનંતી કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ અને આ બાબતમાં કોઇ પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ.

### ❑ રાષ્ટ્રીયતા :

- ♦ ભારતના નાગરિક હોય તેવા ઉમેદવારો જ અરજી કરવાપાત્ર છે. નેપાળ અને ભૂતાનના નાગરિકો પણ અરજી કરવાપાત્ર છે.
- ♦ **CRPF, CISF** માં આસિ. કમાન્ડન્ટની જગ્યાઓ માટે પુરુષ/મહિલા બંને જ્યારે અન્ય દળો માટે માત્ર પુરુષ ઉમેદવારો જ અરજી કરી શકશે.

<u>**સ્પષ્ટતા :**</u> યુ.પી.એસ.સી. દ્વારા પરીક્ષા અંતે સફળ જાહેર કરવામાં આવેલા ઉમેદવારોની યાદીમાં જો મહિલા ઉમેદવાર પણ હશે, પરંતુ જો તેઓની ફાળવણી **CRPF** અથવા **CISF** માં થઇ ન શકે તો તેઓને અન્ય દળોમાં નિમણૂક મળી શકશે નહીં.

### ❑ વયમર્યાદા :

- ♦ તા. ૧-૮-૨૦૧૦ના રોજ ઉમેદવારની વય ૨૦ વર્ષની હોવી જોઈએ અને ૨૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ. એટલે કે ઉમેદવાર તા. ૨-૮-૧૯૮૫ પહેલાં અને તા. ૧-૮-૧૯૯૦ પછી જન્મેલા ન હોવા જોઈએ. ઉપર દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના ઉમેદવારોના કિસ્સામાં પાંચ વર્ષ અને અન્ય પછાત વર્ગના ઉમેદવારોના કિસ્સામાં ત્રણ વર્ષની છૂટછાટ આપવામાં આવશે.
- ♦ ઉમેદવારોએ એ વાતની નોંધ લેવી કે અરજી રજૂ કરવાની તારીખે મેટ્રિક્યુલેશન/સેકન્ડરી એક્ઝામિનેશન સર્ટિફિકેટ અથવા સમકક્ષ પ્રમાણપત્રમાં દાખલ કરેલી જન્મ તારીખનો જ કમિશન દ્વારા સ્વીકાર કરવામાં આવશે અને પાછળથી તેમાં ફેરફાર કરવાની કોઈ વિનંતીને ધ્યાનમાં લેવામાં આવશે નહિ.
- ♦ કેટલીક અન્ય કેટેગરી દા.ત. એક્સ સર્વિસમેન, આર્મ્ડ ફોર્સિસમાં કમિશન્ડ ઓફિસરની ચોક્કસ કક્ષા વગેરેના કિસ્સામાં વયમર્યાદામાં નિયમાનુસાર છૂટછાટ આપવામાં આવશે.
- ♦ વિસ્તૃત માહિતી માટે તા. ૨૯-૫-૨૦૧૦ના રોજનું એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ જોવું.

### ❑ લઘુત્તમ શૈક્ષણિક લાયકાત :

- ♦ ઉમેદવાર ભારતમાં કેન્દ્ર અથવા રાજ્યના ધારાસભા ગૃહ દ્વારા કાયદા હેઠળ સ્થપાયેલ કોઈપણ યુનિવર્સિટી અથવા સંસદના અધિનિયમ હેઠળ સ્થપાયેલ અન્ય શૈક્ષણિક સંસ્થાઓ અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન એક્ટની કલમ-૩ હેઠળ જાહેર થયેલ યુનિવર્સિટીની બેચલર ડિગ્રી ધરાવતા હોવા જોઈએ.
- ♦ નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય અને પરીક્ષાના પરિણામની જાણ ન હોય તેવા ઉમેદવારો પણ આ પરીક્ષામાં પ્રવેશ માટે અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ લેખિત પરીક્ષાના પરિણામ વખતે નિયત શૈક્ષણિક લાયકાત અંગેના જરૂરી પમાણપત્રો ખાતરી માટે દર્શાવવાના રહેશે.
- ♦ અસાધારણ કિસ્સામાં ઉમેદવાર નિયત કરેલ સંસ્થાની શૈક્ષણિક લાયકાત ન ધરાવતા હોય પરંતુ અન્ય સંસ્થાની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય અને તે કમિશનને યોગ્ય લાગશે તો તેવા ઉમેદવારો આ પરીક્ષા આપી શકશે.
- ♦ **પુનઃ પરીક્ષામાં ભાગ લેવા પર નિયંત્રણ :** જો કોઇ ઉમેદવાર અગાઉ લેવામાં આવેલી કોઇપણ દળની આસિ. કમાન્ડન્ટની પરીક્ષામાં સફળ થયા હોય તેઓ તુરત જ સેન્ટ્રલ પોલીસ ફોર્સિસમાં સામેલ દળની કોઈપણ પરીક્ષામાં પુનઃ બેસી શકશે નહીં.
- ♦ **N.C.C. સર્ટિફિકેટ** : ઉમેદવાર **NCC**ના 'બી' અથવા 'સી' પ્રમાણપત્ર ધરાવતા હશે તો તે ઇચ્છનીય લાયકાત ગણાશે. ઈન્ટરવ્યૂ/પર્સનાલીટી ટેસ્ટ વખતે તે વિચારણામાં લેવાશે.
- ♦ **શારીરિક ધોરણ :** તા. ૨૯-૫-૨૦૧૦ના ગેઝેટ ઓફ ઈન્ડિયામાં સેન્ટ્રલ પોલીસ ફોર્સિસ (આસી. કમાન્ડન્ટ) એક્ઝામિનેશન, ૨૦૧૦ માટેના નિયમોમાં પરિશિષ્ટ-**VI** માં આપેલ નિયમો અનુસાર આ પરીક્ષામાં પ્રવેશ માટેના શારીરિક ધોરણો મુજબ ઉમેદવારો શારીરિક રીતે સક્ષમ હોવા જોઈએ.

### ❑ પરીક્ષા ફી :

- ♦ પરીક્ષામાં પવેશ ઈચ્છતા ઉમેદવારે કેન્દ્રીય જાહેર સેવા આયોગને **રૂા. ૧૦૦/-** ફી ચૂકવવાની રહેશે. ફી પેટે આપવાની થતી રકમ ફક્ત એક જ સેન્ટ્રલ રિક્રૂટમેન્ટ ફી સ્ટેમ્પના સ્વરૂપમાં ચૂકવવાની રહેશે. **મહિલા ઉમેદવારો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારોએ કોઈપણ ફી ચૂકવવાની થતી નથી.**
- ♦ સેન્ટ્રલ રિક્રૂટમેન્ટ ફી સ્ટેમ્પ (ટપાલ ટિકિટ નહિ) પોસ્ટ ઓફિસમાંથી મેળવી અરજીપત્રક ઉપર તેની નિયત જગાએ ચોંટાડવી. પોસ્ટ ઓફિસનું નામ તથા તારીખ સ્પષ્ટ રીતે વાંચી શકાય તે માટે જે પોસ્ટ ઓફિસમાંથી સેન્ટ્રલ રિક્રૂટમેન્ટ ફી સ્ટેમ્પ મેળવી હોય તેના દ્વારા રદ કર્યાની નિશાની સ્પષ્ટ રીતે દેખાતી હોવી જોઈએ.
- ♦ નિયત ફી વગરની અરજી રદબાતલ કરવામાં આવશે. એક વખત ફી ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં પરત મળશે નહિ અને બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત રખાશે નહિ. ઈન્ડિયન પોસ્ટલ ઓર્ડર, બેંક ડ્રાફ્ટ, મનીઓર્ડર, ક્રોસ્ડ ચેક, રોકડ, ટ્રેઝરી ચલણ સ્વરૂપે મોકલાવાયેલી ફી કોઈપણ સંજોગોમાં સ્વીકાર્ય રહેશે નહિ અને અરજી રદબાતલ ગણાશે.

### ❑ અરજી કેવી રીતે કરશો ?

- ♦ કેન્દ્રિય જાહેર સેવા આયોગ દ્વારા યોજાતી તમામ પરીક્ષાઓ માટે ફક્ત એક જ અરજીપત્રક કૉમ્પ્યુટરાઈઝડ પદ્ધતિથી તૈયાર કરેલ છે. એકનૉલેજમેન્ટ કાર્ડ, અરજીપત્રક મોકલવા માટેનું પરબીડિયું તેમજ અરજીપત્રક ભરવા માટેની સામાન્ય સૂચનાઓ નિર્દિષ્ટ કરેલ માહિતીપત્રક સાથેનું અરજીપત્રક આ વિજ્ઞાપન સૂચનાનાં એપેન્ડિક્સ-III માં દર્શાવેલ યાદી અનુસાર સમગ્ર દેશની હેડ પોસ્ટ ઓફિસો/પોસ્ટ ઓફિસોમાંથી **રૂ. ૨૦/-** રોકડા આપી મેળવી શકાશે. આ અરજીપત્રક નિર્દિષ્ટ કરેલી પોસ્ટ ઓફિસોમાંથી જ મેળવવું, કોઈપણ એજન્સી પાસેથી મેળવવું નહીં. આ અરજીપત્રકનો ફક્ત એક જ વાર અને ફક્ત એક જ પરીક્ષા માટે ઉપયોગ કરી શકાશે. ઉમેદવારોએ માહિતીપત્રક સાથે આપેલા અરજીપત્રકનો જ ઉપયોગ કરવો, અરજીપત્રકની ઝેરોક્ષ નકલ/ફરીથી પિન્ટ કરેલ અરજીપત્રક/અનઅધિકૃત રીતે છપાયેલાં અરજીપત્રકનો ઉપયોગ કરવો નહિ.
- ♦ **ઓન લાઈન અરજી :** જે ઉમેદવારો ઓન લાઇન અરજી કરવા ઇચ્છતા હોય તેઓએ (મહિલા ઉમેદવાર/અ.જા./અ.જા.ના સિવાય) અરજી ફી તરીકે રૂા. ૫૦ ચૂકવવાના છે. અરજી ફી એસ.બી.આઇ. ની કોઈપણ શાખામાં રોકડમાં, એસ.બી.આઇ. ની નેટ બેન્કીંગ અથવા વીઝા/માસ્ટર/ડેબીટ કાર્ડ દ્વારા ચૂકવવાની રહેશે.

➔

➔ અરજીપત્રક ભરતી વખતે ઉમેદવારોએ વિશેષ કાળજી રાખવી. ઉમેદવારોએ અરજીપત્રક ભરતાં પહેલાં આ વિજ્ઞાપનના એપેન્ડિક્સ- II(A) માં આપેલ સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો અને તે પછી જ અરજીપત્રાક ભરવું. ઉમેદવારોએ એકનૉલેજમેન્ટ કાર્ડની સંબંધિત બાબતો ભરવી તેમજ તેમાં અરજીપત્રક નંબર (૮ ડિઝિટ સુધી) અને પરીક્ષાનું નામ દર્શાવવું. એકનૉલેજમેન્ટ કાર્ડ ઉપર **રૂા. ૬**/-ની ટપાલ ટિકિટ ચોંટાડવી. અને અરજીપત્રક સાથે યુ. પી. એસ. સી.ને ખાસ પરબીડિયામાં મોકલવાનું રહેશે અને પરબીડિયાં ઉપર પરીક્ષાનું નામ જેમ કે, **"Central Police Forces (Assistant Commandants) Examination-2010''** એમ દર્શાવી નીચેના સરનામે **તા. ૨૮-૬-૨૦૧૦ ના** રોજ કે તે પહેલાં પહોંચે તે રીતે મોકલી આપવાનું રહેશે.

**Secretary,**
**Union Public Service Commission,**
**Dholpur House, Shahjahan Road,**
**New Delhi - 110 069.**

- **ઓન લાઈન અરજી :** ઉમેદવારો યુ.પી.એસ.સી. ની વેબ સાઈટ **http://www.uspconline.nic.in** ઉપર ઓન લાઈન અરજી કરી શકે છે.

સરકારી સેવામાં કે સરકારી માલિકીના ઔદ્યોગિક સાહસોમાં કે આવી અન્ય સંસ્થાઓમાં કે ખાનગી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારે તેમની અરજી આયોગને સીધી મોકલવાની રહેશે. જો ઉમેદવાર તેમની અરજી તેમના નોકરીદાતા દ્વારા મોકલવા ઈચ્છતા હોય તો ઉમેદવારે ખાતરી કરવાની રહેશે કે અરજી કરવાની છેલ્લી તારીખ પહેલાં તેમની અરજી આયોગને પહોંચી છે કે નહીં.

- જે ઉમેદવારો કાયમી અથવા હંગામી ધોરણે સરકારી કર્મચારી હોય અથવા છૂટક અથવા રોજમદાર સિવાયના વર્કચાર્જ કર્મચારીઓ હોય અથવા જાહેર સાહસોના કર્મચારીઓ હોય તેઓએ એ વાતની બાંહેધરી આપવાની રહેશે કે તેઓએ તેમની કચેરી/વિભાગના વડાને લેખિતમાં, તેઓએ આ પરીક્ષા પોતે આપવાના છે તે બાબતની જાણ કરી છે.
- જો ઉમેદવારની કચેરી તરફથી આ પરીક્ષામાં તેમને બેસવા દેવાની પરવાનગી પાછી ખેંચવાનો પત્ર કમિશનને મળશે તો તેમની અરજી/ઉમેદવારી રદ કરવામાં આવશે.
- ઉમેદવારોએ પરીક્ષાના કેન્દ્રની પસંદગી અરજીપત્રકમાં જણાવતી વખતે ખાસ ચોકસાઈ રાખવી. એકથી વધુ કેન્દ્રો દર્શાવતી અરજી ઉમેદવારે કરી હશે તો તે રદબાતલ કરવામાં આવશે અને જો ઉમેદવાર એક કરતાં વધુ સંપૂર્ણ ભરેલી અરજી મોકલશે છતાં પણ કમિશન ફક્ત એક જ અરજી સ્વીકારશે અને આ બાબતમાં કમિશનનો નિર્ણય આખરી ગણવામાં આવશે.
- જે ઉમેદવાર કમિશને એડ્મિશન સર્ટિફિકેટમાં દર્શાવ્યા હોય તે સિવાયના પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષા આપશે તો તે માન્ય ગણાશે નહીં અને તે ઉમેદવારની ઉમેદવારી રદબાતલ કરવામાં આવશે.
- ઉમેદવારે અરજીપત્રાક ભરતી વખતે ખાસ કાળજી રાખવી અને તે સુવ્યવસ્થિત ભરવાં, કોઈપણ કોલમ ભર્યા વગર કોરું છોડવું નહીં. અધૂરી અથવા ખામીવાળી અરજી રદબાતલ કરવામાં આવશે. કોઈપણ સંજોગોમાં ઉમેદવારની ઉમેદવારીના રદબાતલના કિસ્સા અંગે કોઈપણ રજૂઆત કે પત્રવ્યવહાર સ્વીકારવામાં આવશે નહીં.

ઉમેદવારે ઉંમર, શૈક્ષણિક લાયકાત, અ.જા./અ.જ.જા./ અ.પ.વ. અને શા.ખો.ખાં. વગેરે બાબતના પુરાવારૂપે કોઈપણ પમાણપત્રો અરજી સાથે રજૂ કરવાની જરૂર નથી. ઉમેદવારોએ ખાતરી કરી લેવી કે તે પોતે પરીક્ષામાં બેસવા માટેની જરૂરી પાત્રતા ધરાવે છે કે કેમ ? જ્યાં સુધી ઉમેદવાર યોગ્યતાની શરતો પરિપૂર્ણ કરે છે તેની સાબિતી ન આપે ત્યાં સુધી ઉમેદવારની પવેશ-લાયકાત પરીક્ષાના કોઈપણ તબક્કે એટલે કે કમિશન દ્વારા લેવાતી લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યૂ કસોટીના કોઈપણ તબક્કે કામચલાઉ રહેશે. કમિશનને ઉમેદવારની પાત્રતામાં ફેરફાર જણાશે કે યોગ્ય નહીં જણાય તો કોઈપણ તબક્કે એટલે કે લેખિત પરીક્ષા પહેલાં કે પછી, ઈન્ટરવ્યૂ કસોટી પહેલાં કે તે સમયે ઉમેદવારની ઉમેદવારી રદબાતલ કરાશે.

### ❑ અરજીપત્રકની પહોંચ :

ઉમેદવારો પાસેથી એકનૉલેજમેન્ટ કાર્ડ સાથેના અરજીપત્રકો પાપ્ત થયા બાદ અરજીપત્રક મળ્યાની રસીદના પતિકરૂપે એકનૉલેજમેન્ટ કાર્ડ ઉપર કમિશન કચેરી દ્વારા મહોર મારીને ઉમેદવારોને પરત કરવામાં આવશે. ઉમેદવારોને એકનૉલેજમેન્ટ કાર્ડ ૩૦ દિવસમાં પાપ્ત ન થાય તો તેમણે અરજીપત્રક નં. (૮ આંકડાઓ સુધી) અને પરીક્ષાનું નામ અને વર્ષ સાથે કમિશનનો સંપર્ક કરવો.

- કમિશનના કાઉન્ટર ખાતે રૂબરૂમાં અરજીપત્રાક આપનાર ઉમેદવારને કાઉન્ટર ખાતે એક્નોલેજમેન્ટ કાર્ડ આપવામાં આવશે.
- **કમિશન સાથે પત્રવ્યવહાર :** આ પરીક્ષા માટે દરેક ઉમેદવારને વહેલામાં વહેલી તકે તેની અરજીના નિકાલ બાબતે જણાવવામાં આવશે. પરીક્ષામાં પ્રવેશ પામનાર ઉમેદવારોને રોલ નંબર સાથેનું એડમિશન સર્ટિફિકેટ મોકલવામાં આવશે. આ એડમિશન સર્ટિફિકેટમાં ઉમેદવારોનો ફોટોગ્રાફ હશે. જો કોઈ ઉમેદવારને, આ પરીક્ષાની તારીખના ત્રણ સપ્તાહ પૂર્વે એડમિશન સર્ટિફિકેટ અથવા પરીક્ષા માટેની તેમની ઉમેદવારી બાબતે કોઈ પ્રકારનો પત્ર ન મળે તો તેણે તુરત જ કમિશનનો સંપર્ક સાધવો. આ બાબતે કમિશનની કચેરી ખાતે રાખેલા ફેસિલિટેશન કાઉન્ટર પરથી રૂબરૂમાં અથવા **૦૧૧-૨૩૩૮૧૧૨૫/૦૧૧-૨૩૩૮૫૨૭૧/૦૧૧-૨૩૦૯૮૫૪૩** પર ફોન કરવાથી પણ માહિતી મળી રહેશે.
- ઉપરોક્ત બાબત સિવાય કમિશન કોઈપણ ઉમેદવાર સાથે તેમની ઉમેદવારી બાબતે પત્રવ્યવહારમાં ઉતરશે નહીં.
- કમિશન સાથેના તમામ પત્રવ્યવહારમાં (૧) પરીક્ષાનું નામ અને વર્ષ (૨) અરજીપત્રાક નંબર (૮ આંકડામાં) (૩) રોલ નંબર (જો આપવામાં આવેલ હોય તો) (૪) ઉમેદવારનું નામ (પુરૂં નામ બ્લોક લેટરમાં) (૫) અરજીમાં દર્શાવ્યા મુજબનું ટપાલનું પૂરૂં સરનામું દર્શાવવું.
- **અગત્યનું :** હેડ પોસ્ટ ઓફિસ/પોસ્ટ ઓફિસમાંથી અરજીપત્રક મેળવવામાં મુશ્કેલી હોય તો ઉમેદવારે સંબંધિત પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્ટરનો તાત્કાલિક સંપર્ક સાધવો અથવા યુ. પી. એસ.સી.ના "FORMS SUPPLY MONITORING CELL" નો ટેલિફોન નંબર **૦૧૧-૨૩૩૮૯૩૬૬/ફેક્સ નંબર ૦૧૧-૨૩૩૮૭૩૧૦** પર સંપર્ક સાધવો.
- **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** તમામ અરજીઓ **તા. ૨૮-૬-૧૦**ના રોજ કે તે પહેલાં રૂબરૂમાં અથવા પોસ્ટ/સ્પીડ પોસ્ટ અથવા કુરિયરથી કમિશનને મોકલવાની રહેશે. કમિશનની પોતાની વેબસાઈટ **http://www.upsc.gov.in** ખાતેથી પણ ઉમેદવારોને પરીક્ષાની વિગતો તેમજ તેઓની અરજીની નોંધણી, પરીક્ષા સ્થળ અને પરિણામ વગેરેની માહિતી મળી રહેશે.

### ❑ અરજી પાછી ખેંચવા અંગે :

એકવાર ઉમેદવારે અરજી રજૂ કરી દીધા પછી કોઈપણ સંજોગોમાં અરજી પાછી ખેંચી શકાશે નહીં. પરીક્ષા પદ્ધતિની વિગતવાર માહિતી માટે ઉમેદવારોએ એપેન્ડીક્ષ-I જોવું.

### ❑ પસંદગી પધ્ધતિ :

- ઉમેદવારોની પસંદગી લેખિત પરીક્ષા, શારીરિક સુસજ્જતા કસોટી (**PET**) તથા ઈન્ટરવ્યૂ/પર્સનાલીટી ટેસ્ટ દ્વારા થશે.
- **લેખિત પરીક્ષા :** લેખિત પરીક્ષામાં બે પેપર રહેશે.

  **પેપર-૧ :** જનરલ એબીલીટી એન્ડ ઈન્ટેલિજન્સ-૨૫૦ ગુણ. પ્રશ્નો હેતુલક્ષી અને બહુવિકલ્પ આધારીત રહેશે.

  પ્રશ્નો હિન્દી અને અંગ્રેજીમાં પૂછાશે.

  **પેપર-૨ :** નિબંધ, સાર લેખન, ગદ્ય લેખન-૧૫૦ ગુણ.

  આ પેપરમાં ઉમેદવાર નિબંધના ભાગો અંગ્રેજી અથવા હિન્દીમાં લખી શકશે, પરંતુ પ્રશ્નપત્રમાં બધી વિગતો અંગ્રજીમાં જ પૂછવામાં આવશે.
- ઉમેદવારે બંને પેપરમાં કમિશન દ્વારા નિર્ધારીત લાયકી લઘુતમ ગુણ અલગથી મેળવવાના રહેશે. પેપર-૧ પ્રથમ ચકાસવામાં આવશે અને તેમાં લઘુતમ ક્વોલીફાઈંગ ગુણ મેળવનાર ઉમેદવારનાં જ પેપર-૨ તપાસવામાં આવશે.
- **શારીરિક સુસજ્જતા કસોટી/શારીરિક માપદંડ/તબીબી માપદંડ કસોટી :** લેખિત પરીક્ષામાં ક્વોલીફાય થનાર ઉમેદવારે ત્યારબાદ શારીરિક માપદંડ/PET/તબીબી માપદંડ કસોટી આપવાની રહેશે.
- **શારીરિક માપદંડ**-ઊંચાઇ-પુરૂષ-૧૬૫ સે.મી. મહિલા-૧૫૭ સે.મી. છાતી-(પુરૂષ)- ૮૧ સે.મી. (પાંચ સે.મી. ફુલાવો જરૂરી). વજન-પુરૂષ-૫૦ કિ.ગ્રા., મહિલા-૪૬ કિ.ગ્રા.
- **દ્રષ્ટિ** : દૂરની દ્રષ્ટિ સારી આંખ (કરેક્ટેડ વિઝન) વડે ૬/૬, ૬/૯ અથવા ખરાબ આંખ (કરેક્ટેડ વિઝન) વડે ૬/૧૨, ૬/૯ હોવી જોઈએ. ચશ્મા વડે સુધારેલી દ્રષ્ટિ માન્ય ગણી શકાશે. રંગ પરખવાની શક્તિ તીવ્ર હોવી જરૂરી છે.
- શારીરિક માપદંડમાં યોગ્ય પૂરવાર થયેલા ઉમેદવારોએ **PET** આપવાની રહેશે.
- **શારીરિક સુસજ્જતા કસોટી (PET)**

| | | (પુરૂષ) | (મહિલા) |
|---|---|---|---|
| (અ) | ૧૦૦ મીટર દોડ | ૧૬ સેકન્ડ | ૧૮ સેકન્ડ |
| (બ) | ૮૦૦ મીટર દોડ | ૩ મિનિટ | ૪ મિનિટ |
| (ક) | લાંબો કૂદકો | ૩.૫ મીટર(૩ તક) | ૩ મીટર(૩ તક) |
| (ડ) | ઊંચો કૂદકો | ૧.૦૫ મીટર(૩ તક) | ૦.૯૦ મીટર (૩ તક) |
| (ધ) | શોટ પૂટ (૭.૨૬ કિ.ગ્રા.) | ૪.૫ મીટર | – |

- **PET** સમયે મહિલા ઉમેદવાર પ્રેગનન્ટ હશે તો ગેરલાયક ગણાશે. પ્રેગનન્ટ મહિલા ઉમેદવાર અરજી કરવાપાત્ર નથી.
- **ઈન્ટરવ્યૂ/પર્સનાલીટી ટેસ્ટ :** **PET** બાદ તબીબી માપદંડમાં યોગ્ય પૂરવાર થયેલા ઉમેદવારોને ઈન્ટરવ્યૂ/પર્સના લીટી ટેસ્ટ માટે બોલાવવામાં આવશે. ઈન્ટરવ્યૂ/પર્સનાલીટી ટેસ્ટના ૨૦૦ ગુણ રહેશે. ઈન્ટરવ્યૂ/પર્સનાલીટી ટેસ્ટ માટે લાયક ઠરેલા ઉમેદવારોને તે અગાઉ ડિટેઈલ એપ્લિકેશન ફોર્મ (DAF) આપવામાં આવશે જેમાં ઉમેદવારે વિવિધ દળોની પસંદગી દર્શાવવાની રહેશે. મહિલા ઉમેદવારોએ માત્ર **CRPF** અને **CISF** જ દર્શાવવાના છે.
- **અંતિમ પસંદગી/મેરીટ** : લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યૂ/પર્સનાલીટી ટેસ્ટમાં મેળવેલા ગુણને આધારે મેરીટ લિસ્ટ તૈયાર કરવામાં આવશે.
- લેખિત પરીક્ષાના વિગતવાર અભ્યાસક્રમ માટે તારીખ ૨૯-૫-૨૦૧૦ નો એમ્પ્લોયમેન્ટ ન્યૂઝનો અંક જોવો અથવા કમિશનની વેબસાઈટ જોવી.

## APPENDIX - II

### Guidelines for filling up the Off line Application Form

***General Instructions :***

1. Candidates must use only the form supplied with the Information Brochure purchased from any of the designated Head Post Offices/ Post Offices listed in Appendix III. Form should be purchased from designated post offices only and not from any other agency. Candidates must use the form supplied with the Information Brochure only and they should in no case use photocopy/ reproduction/ unauthorisedly printed copy of the form. The form will NOT be supplied by the Commission's office.
2. The application form must be filled in by the candidates in their own handwriting. Since this form will be processed on computerised machines, candidates should exercise due care in handling and filling up the application form. They should use HB pencil only to darken the circles. For writing in the boxes, they should use **blue or black pen.**

   Since the entries made by the candidates by darkening the circles will be taken into account while processing the applications on computerised machines, they should make these entries very carefully and accurately. Entries in the boxes are meant for confirmatory purposes and these should also, therefore, be made correctly. There should be no variation between the entries made by the candidate by darkening the circles and those written in the accompanying boxes.

   In case of any variation between the entries made by the candidates in the boxes and the accompanying circles, the entries in the boxes will be treated as authentic and final.
3. Candidates should ensure that the signatures appended by them in all the places viz. in their application form, Attendance List etc. and in all the correspondence with the Commission, should be identical and there should be no variation of any kind. If any variation is found in the signature appended by him at different places, his candidature will be liable to be cancelled by the Commission.
4. No change in the entries made in original application form will be allowed under any circumstances.
5. The candidates are advised in their own interest to ensure that the applications reach the Commission's Office on or before the closing date. Applications received in the Commission's Office after the closing date will not be considered.
6. While filling in his application form, the candidate should carefully decide about his choice for the centre and optional subjects for the examination. More than one application from a candidate giving different centres and/or optional subjects will not be accepted in any case. Even if a candidate sends more than one completed application, the Commission will accept only one application at their discretion and the Commission's decision in the matter shall be final.
7. **On the Acknowledgement Card,** the candidates should write their application form No. (as printed below the bar code on the form) and the name of examination viz **"Central Police Forces (Assistant Commandants) Examination, 2010".**

They should also write clearly and legibly their mailing address on the Acknowledgement Card. A postage stamp of Rs.6/- (Rupees Six only) should be affixed on the card. **The Acknowledgement Card should not be stapled or pinned or**

➔

➔tagged or pasted with the Application Form.

**Instructions to candidates for filling up the Common Application Form for the Central Police Forces (Assisatnt Commandants), Examination, 2010**

**Side 1 of Application Form**

**Column 1 : Examination for which applying**

**Candidates should darken the circle against "EXAM-X".**

In the box pertaining to Name of examination, write **CPF** starting from the first box on the left.

Please see illustration given below :

1. Examination for which applying

Name of exam (see list on right)

| C | P | F | | |
|---|---|---|---|---|

Year of Exam

| 2 | 0 | 1 | 0 |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| CMS | O | CPS | O |
| NDA | I | CDS | O |
| NDA | II | CDS | O |
| IFS | O | IES | O |
| SCRA | O | ISS | O |
| GEOL | O | ENGG | O |
| | | EXAMX | O |

**Column 2 : Fee**

If you have paid the requisite fee of Rs.100/- (Rupees one hundred only), darken circle 1 and write 1 in the box; or

If you have not paid the fee and are claiming fee remission as Female/SC/ST darken circle 2 and write 2 in the box.

***N.B.:*** Fee is payable only in the form of CentraRecruitment Fee Stamp, as per instructions against column 12.

**Column 3 : (I) Whether Physically Handicapped?**

As physically handicapped candidates are not eligible for Central Police Forces (Assistant Commandants) Examination, this column is not required to be filled by the candidates for this examination. You should therefore, leave this column blank.

**Column 4 : Community**

If you belong to SC, darken circle 1 and write 1 in the box; or

If you belong to ST, darken circle 2 and write 2 in the box; or

If you belong to OBC, darken circle 3 and write 3 in the box; or

If you belong to General Category (Others), darken circle 4 and write 4 in the box.

♦ Candidates belonging to OBCs but coming in the Creamy Layer and thus not being entitled to OBC reservation should indicate their community as "General Category (Others) Code No.4".

♦ Candidates belonging to neither SC, ST, nor OBC communities, should write Code No.4 (General Category) against the Column for Community and not leave it blank.

**Column 5 : Sex**

If you are Male, darken circle 1 and write 1 in the box; or

If you are Female, darken circle 2 and write 2 in the box.

**Column 6 : Nationality**

If you are an Indian national, darken circle t and write .1 in the box; or

If you are not an Indian national, darken circle 2 and write 2 in the box.

**Column 7 : Name of the candidate**

For filling up this column, first write in the boxes your full name (in English) in capital letters exactly as recorded in your Matriculation/High School/Secondary or equivalent examination certificate. Write a single letter in a box. Leave a box blank between any two parts of the name. Then darken the corresponding circle below each letter. Do not darken a circle below a blank box. Do not overshoot the boxes. Abbreviate name only if necessary. Do not use any prefix such as Shri, Kum., Dr. etc. with your name.

**Column 8 : Date of Birth**

Darken the appropriate circles for the day, month and year of your birth as recorded in your Matriculation/High School/ Secondary or equivalent examination certificate. Then write in the boxes using numerals 01 to 31 for day; numerals 01 to 12 for month and the last two digits for the year of birth.

**Column 9 : Father's Name**

Write your father's name (in English) in capital-letters. Write a single letter in each box. Leave a box blank between any two parts of the name. Do not use any prefix such as Shri, Dr. etc.

**Column 10 : Address**

Write your complete mailing address including your name in English capital letters or Hindi within the box provided for the purpose. Also write the PIN Code therein. Write with blue or black ball pen only. Do not write outside the box. Please note that this address will be photocopied as such in all letters to be sent to you and therefore, it should be very clearly and legibly written.

If you make any mistake in writing the address, cover the whole box with an exact sized white paper slip and rewrite your address on that.

**Column 11 : Photograph**

Paste firmly in the space provided your recent photograph of 4 cm. x 5 cm. size **(preferably in black & white)**. **Do not staple the photograph. Photograph should neither be signed by you nor it should be got attested.**

**Column 12 : Space for CRF Stamp**

Fee to be paid for the Indian Forest Service Examination is **Rs.100/-** (Rupees Une hundred only). Female/SC/ST candidates are not required to pay any fee. No fee exemption is however, available to OBC candidates and they are required to pay the prescribed full fee.

Fee is payable only through **Central Recruitment Fee Stamp** (Not postage stamps). No other mode of payment is acceptable. Obtain only one single CRF Stamp of Rs.100/ - denomination from the post office and paste it firmly within the box. After pasting the CRF Stamp on the form, get it cancelled from the post office of purchase in the space provided. Do not staple the CRF Stamp.

**Side 2 of Application Form**

**Column 13 : (I) Are you residing in a remote area or abroad**

If you are residing in a remote area specified in Para 6 of the Notice of the Examination or abroad, darken circle 1 against Yes and write 1 in the box; or

If you are not residing in a specified remote area/abroad, darken circle 2 against No and write 2 in the box.

♦ Candidates residing in a remote area specified in the Notice of the Examination or abroad are entitled to one week's additional time for submission of application form.

**Column 14 : Examination Centre Code**

Choose the Examination Centre from the list given below where you wish to appear and see its code. Darken the appropriate circles and then write the same code in the boxes. Do not indicate more than one centre.

**List of centres of Examination**

| Centre | Code | Centre | Code |
|---|---|---|---|
| Agartala | 45 | Jorhat | 46 |
| **Ahmedabad** | **01** | Kochi | 24 |
| Aizawl | 47 | Kohima | 43 |
| Allahabad | 02 | Kolkata | 06 |
| Bangalore | 03 | Lucknow | 26 |
| Bareilly | 54 | Madurai | 40 |
| Bhopal | 04 | Mumbai | 05 |
| Chandigarh | 35 | Nagpur | 13 |
| Chennai | 12 | Panaji (Goa) | 36 |
| Cuttack | 07 | Patna | 15 |
| Dehradun | 14 | Port Blair | 37 |
| Delhi | 08 | Raipur | 49 |
| Dharwar | 39 | Ranchi | 41 |
| Dispur | 09 | Sambalpur | 53 |
| Gangtok | 42 | Shillong | 16 |
| Hyderabad | 10 | Shimla | 17 |
| Imphal | 44 | Srinagar | 18 |
| Itanagar | 48 | Thiruvananthapuram | 19 |
| Jaipur | 11 | Tirupati | 50 |
| Jammu | 34 | Udaipur | 52 |
| | | Vishakhapatnam | 51 |

**Column 15 : Educational Qualification Code**

Codes prescribed for educational qualification are as follows :

| Code | Educational qualification |
|---|---|
| 01 | If you have already passed the degree or equivalent examination. |
| 02 | If you are appeared/appearing at the final year degree or equivalent examination. |

Choose the correct code applicable in your case and darken the appropriate circles. Write the same code in the boxes.

**Column 16 : (I) Whether claiming age relaxation**

If you are claiming age relaxation, darken circle 1 for Yes and write 1 in the box; or

If you are not claiming age relaxation, darken circle 2 for No and write 2 in the box.

(II) If Yes, indicate category code

Fill up this Column only if your response to Column 16(1) is Yes.

**CATEGORY - CODES FOR CLAIMING AGE RELAXATION**

(Refer Para 3 (ii) (b) of Notice

| Code No. | Category | Extent of Age Relaxation Permissible |
|---|---|---|
| 01 | SC and ST | 5 years |
| 02 | OBC | 3 years |
| 03 | Ex-servicement/Civillian Central Government Servants | 5 years |
| 04 | Ex-servicement/Civillian Central Government Servants + SC/ST | 10 years |
| 05 | Ex-servicement/Civillian Central | |

**Columns 17 to 22 :**

Candidates applying for the Central Police Forces (Assistant Commoandants) Examination are **not** required to fill any of these columns. They should therefore, leave these columns blank.

**Column 23 : Declaration**

The candidate must read the declaration carefully before signing. In Sub-para (i), the candidates must fill up the Examination Notice number viz. 09/2010-CPF and date of publication of Notice in Employment News/Rozgar Samachar viz., 29-5-2010 in the spaces provided before the asterisk marks.

**Column 24 : Signature of candidate**

Make your usual signature in **blue or black ball pen** within the box provided. Your signature must not overflow or touch the border of the box provided. **Do not merely write your name in capital letters in place of signature.** Unsigned applications will be rejected.

Also write the place and date of signing the form in the spaces provided for the purpose.

**APPENDIX III**

**LIST OF HEAD POST OFFICES/POST OFFICES WHERE UPSC APPLICATION FORMS ARE AVAILABLE**

**Gujarat Circle :** Gandhinagar, Ahmedabad, Amreli, Anand, Bharuch, Bhavnagar, Bhuj, Dahod, Godhra, Himatnagar, Jamnagar, Junagadh, Kheda, Mehesana, Navrangpura, Navsari, Palanpur, Patan, Porbandar, Rajkot, Revdi Bazar, Surat, Surendranagar, Valsad, Vadodara.

●

## Central Salt & Marine Chemicals Research Institute

**Bhavnagar**

**Advertisement No. SVJ/2010**

❑ **Research Associate** : 1 Post

♦ **Scheme:** "Development of NF membrane for water purification and waste water reclamation" a project under HRDG CSIR Emeritus Scientist

♦ **Emoluments**: Rs. 16,000 + HRA/per month.

♦ **Educational Qualification & Experience** : Ph.D. or equivalent in the field of organic/physical/polymer chemistry having 3-4 research papers published in reputed journals in related subject. Those who have submitted Ph.D. thesis in the above fields may also apply.. The candidates may have to work on advanced polymeric membrane, its physicochemical characterizations and its water purification and industrial applications. The candidates having relevant experience and interest only may apply.

♦ **Age** : Should not be more than 35 years as on last date of submitting application.

The prescribed application form (Form G) together with instructions may be obtained by e-mail addressing to **svjoshl@csmcri.org.** The application form can also be downloaded from the website : **www.csirhrdg. res.in** (Emeritus Scientist-Form). Duly completed applications accompanied by attested copies of the certificates/ testimonials in support of age, educational qualification, experience, photograph etc., must reach on or **before 05th July 2010** on above address. Visit our website, **www.csmcri.org** for more detail. The post is purely temporary, for the duration of ES project. It would therefore not confer any right/claim implicit for any candidate for claiming extension or absorption in CSMCRI/ CSIR. No traveling or any other allowances will be paid for attending the interview.

●

# મહાનિયામક સી.આર.પી.એફ, સીજીઓ કોમ્પ્લેક્ષ, નવી દિલ્હી
## (સંચાર મહાનિયામક)

## સબ ઈન્સ્પેકટર/આસિ. સબ ઈન્સ્પેકટરની ભરતી

**અરજી સ્વીકારવાની છેલ્લી તા. : ૩૦-૬-૨૦૧૦**

**જગાની કુલ સંખ્યા : ૧૨૯**

ભારત સરકાર ગૃહ મંત્રાલય, કેન્દ્રીય રિઝર્વ પોલીસ બળમાં નીચેની ખાલી જગ્યાઓ ભરવા માટે ભારતીય પુરુષ ઉમેદવારો પાસેથી અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે. ઉમેદવારોને નીચે દરેક જગ્યાની સામે દર્શાવેલા પગાર ધોરણ ઉપરાંત મોંઘવારી ભથ્થું, રેશન મની તથા દળના સભ્યોને સમયાનુસાર મળતા અન્ય ભથ્થાંઓ મળશે. પગારધોરણ અને અન્ય ભથ્થાંઓની ઉપરાંત, તેઓ મફત રહેઠાણ, ગણવેશ તથા તબીબી સુવિધાઓના હકદાર હશે. આ જગ્યાઓ હંગામી છે. પરંતુ કાયમી થવાની સંભાવના છે. પસંદગી પામેલ ઉમેદવારોને કેન્દ્રીય રિઝર્વ પોલીસ બળ અધિનિયમ હેઠળ શાસિત થશે તથા ભારતમાં કે ભારતની બહાર કયાંય પણ સેવા બજાવવાની રહેશે. પસંદગી પામેલા દરેક ઉમેદવારોને તા. ૦૧-૦૧-૨૦૦૪ થી કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે અમલી બનાવવામાં આવેલી નવી પેન્શન યોજના લાગુ પડશે.

| ક્રમ | જગ્યાનું નામ | સુધારેલ પગારધોરણ (પગાર ગ્રેડ વત્તા ગ્રેડ પે) |
|---|---|---|
| ૧. | સબ ઈન્સ્પેકટર (રેડિયો ઓપરેટર) | પીબી-૨ ૯૩૦૦-૩૪૮૦૦ અને ગ્રેડ પે રૂા. ૪૨૦૦ |
| ૨. | સબ ઈન્સ્પેકટર (ક્રાય) | પીબી-૨ ૯૩૦૦-૩૪૮૦૦ અને ગ્રેડ પે રૂા. ૪૨૦૦ |
| ૩. | સબ ઈન્સ્પેકટર (ટેકનીકલ) | પીબી-૨ ૯૩૦૦-૩૪૮૦૦ અને ગ્રેડ પે રૂા. ૪૨૦૦ |
| ૪. | આસિ. સબ ઈન્સ્પેકટર (ટેકનીકલ) | પીબી-૨ ૫૨૦૦-૨૦૨૦૦ અને ગ્રેડ પે રૂા. ૨૮૦૦ |

❑ **જગ્યાઓ :**

| જગ્યાનું નામ | એસસી | એસટી | ઓબીસી | જન | માજી સૈનિક | કુલ |
|---|---|---|---|---|---|---|
| સબ ઈન્સ્પેકટર (રેડિયો ઓપરેટર) | ૦૪ | ૦૫ | ૦૭ | ૧૩ | ૦૪ (એસસી ૧ ઓબીસી ૧, જન ૦૨) | ૩૩ |
| સબ ઈન્સ્પેકટર (ક્રાય) | ૦૧ | - | - | ૦૨ | - | ૦૩ |
| સબ ઈન્સ્પેકટર (ટેકનીકલ) | - | - | ૦૧ | ૦૧ | - | ૦૨ |
| આસિ. સબ ઈન્સ્પેકટર (ટેકનિકલ) | ૧૮ | ૧૪ | ૨૭ | ૨૬ | ૬ (એસસી ૧, ઓબીસી ૨, તથા જન. ૦૩) | ૯૧ |

- આ જગ્યાઓમાં કોઇ પણ સમયે ફેરફાર થવાની સંભાવના છે.

❑ **જગ્યાનું નામ :** સબ ઈન્સપેકટર (રેડિયો ઓપરેટર)

❑ **વયમર્યાદા :** (તા. ૦૧-૦૮-૨૦૧૦ના રોજ)

- ૨૦ અને ૨૫ વર્ષની વચ્ચે
- ઉપલી વયમયાર્દા છૂટછાટ એસસી, એસટી માટે ૫ વર્ષ તથા ઓબીસી માટે ૩ વર્ષ.
- માજી સૈનિક માટે સરકારી આદેશ પ્રમાણે નિયમોનુસાર
- ખાતાકીય ઉમેદવારોને નિયમોનુસાર છૂટછાટ મળશે.
- **શૈક્ષણિક લાયકાત :** માન્ય યુનિવર્સિટીમાંથી ગણિત અને ફિઝિક્સ અથવા તો કમ્પ્યુટર સાયન્સ જેવા વિષયો સાથે સ્નાતક.

❑ **જગ્યાનું નામ :** સબ ઈન્સ્પેકટર (ક્રાય)

- **વયમર્યાદા :** ઉપર મુજબ
- **શૈક્ષણિક લાયકાત :** માન્ય યુનિવર્સિટીમાંથી ગણિત અને ફિઝિક્સ સાથે સ્નાતક અથવા તેને સમકક્ષ.

❑ **જગ્યાનું નામ :** સબ ઈન્સ્પેકટર (ટેકનીકલ)

- **વયમર્યાદા :** ઉપર મુજબ
- **શૈક્ષણિક લાયકાત :** ઈલેકટ્રોનિક્સ, ટેલીકોમ, કમ્પ્યુટર સાયન્સ મુખ્ય વિષય સાથે બી.ઈ./બી.ટેક અથવા સમકક્ષ ડિગ્રી.

❑ **જગ્યાનું નામ :** આસિ. સબ ઈન્સ્પેકટર (ટેકનીકલ)

- **વયમર્યાદા :** (૧) ૧૮ અને ૨૫ વર્ષની વચ્ચે (૨) ૩ તથા ૪ ઉપર મુજબ (એસઆઇ આરઓ ક્રાય. ટેકન.)
- **શૈક્ષણિક લાયકાત :** અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન જેવા વિષયો સાથે મેટ્રિક. ત્રણ વર્ષનો ડિપ્લોમાં ઈન રેડિયો એન્જિનિયરિંગ અથવા તો ઈલેકટ્રોનિક્સ અથવા તો કમ્પ્યુટર હાર્ડવેર સોફ્ટવેરમાં તાલીમબધ્ધ ઉમેદવારોને અગ્રતા આપવામાંઆવશે.

**અથવા**

ફિઝિક્સ, ગણિત અને અંગ્રેજી જેવા વિષયો સાથે બી.એસસી.

❑ **ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે શારીરિક માપદંડ :**

- **રાજ્ય/યુટી :** (૧) અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે
- **ઊંચાઇ :** ૧૬૨.૫ સેમી
- **છાતી :** ૭૭ - ૮૨ સેમી
- **વજન :** તબીબી ધોરણ પ્રમાણે ઊંચાઇ અને વયના પ્રમાણે

(૨) ગઢવાલી, કુમાઉ, ગોરખા, ડોંગરા, મરાઠા કેટેગરીમાં આવતા ઉમેદવારો તથા સિક્કીમ, નાગાલેન્ડ અરુણાચલપ્રદેશ, ત્રિપુરા, મિઝોરમ, મેઘાલય આસામ, હિમાચલપ્રદેશ, કાશ્મીર અને લેહ તથા લડાખ તથા જમ્મુ કાશ્મીર રાજ્યના ઉમેદવારો.

- **ઊંચાઇ :** ૧૬૫ સેમી
- **છાતી :** ૭૮ - ૮૩ સેમી
- **વજન :** તબીબી ધોરણ પ્રમાણે ઊંચાઇ અને વયના પ્રમાણે

(૨) અન્ય તમામ રાજ્યો કે પ્ર. તથા કેટેગરીઓ માટે : ઊંચાઇ- ૧૭૦ સે.મી., છાતી : ૮૦-૮૫ સે.મી., વજન : તબીબી ધોરણ પ્રમાણે ઊંચાઇ અને વયના પ્રમાણે.

❑ **તબીબી ધોરણ :**

- **દૃષ્ટિ :** એક આંખમાં ૬/૬ કરતાં ઓછી નહિ તથા ૬/૯ જમણી આંખમાં જમણેરી હાથવાળા ઉમેદવારો માટે તથા ડાબી આંખમાં ૬/૬ ડાબા હાથવાળા ઉમેદવારો માટે ચશ્મા વગર તથા કોઈપણ પ્રકારના કલર બ્લાઈન્ડનેશ વિના.
- **જનરલ :** ઉમેદવારોનું ઘુંટણ વાંકુ, સપાટ પગ, લંગડાતા પગ તથા આંખમાં કોઈપણ અંધતા ન હોવી જોઈએ તેમજ કોઈપણ પ્રકારની શારિરીક ખામી ન હોવી જોઈએ.

❑ **પસંદગી પ્રણાલી :** પાત્ર ઉમેદવારોને ભરતી ટેસ્ટમાં હાજર રહેવા દેવા માટે પ્રવેશ કાર્ડ ઈસ્યુ કરવામાં આવશે. ભરતી ટેસ્ટની તારીખ અને સ્થળ પ્રવેશ કાર્ડમાં દર્શાવવામાં આવશે. ઉમેદવારોએ નીચેની કસોટી આપવાની રહેશે.

- **શારીરિક માપ :** જે ઉમેદવારોના નામ મૂળ શૈક્ષણિક પ્રમાણપત્રોના દસ્તાવેજો પાત્ર જણાય તેમણે ઊંચાઈ, છાતી તથા વજનનું માપ આપવાનું છે. જે ઉમેદવારો ફિટ જણાય તેમને પીઈટી (PET) માટે મોકલી દેવામાં આવશે.
- **શારીરિક દક્ષતા કસોટી (પીઈટી) :** જે ઉમેદવારો શારીરિક માપ પૂર્ણ કરે તેવા ઉમેદવારોએ શારીરિક કસોટી આપવાની છે જે નીચે પ્રમાણે છે.

(એ) ૧૦૦ મીટરની દોડ ૧૬ સેકન્ડમાં
(બી) ૧.૬ કિ.મી.ની દોડ ૬.૫ મિનિટમાં
(સી) લાંબો કૂદકો : ૩.૬૫ મીટર ૩ પ્રયાસમાં
(ડી) ઊંચો કૂદકો : ૧.૨ મીટર ૩ પ્રયાસમાં
(ઈ) શોટ પુટ : ૪.૫ મીટર ૩ પ્રયાસમાં

**નોંધ :-** ઉમેદવારોએ આ તમામ કસોટીમાંથી પાસ થવું પડશે. જો ઉપરોક્ત કસોટીમાંથી કોઈ એક કસોટીમાં નાપાસ થશે તો તેમની લેખિત પરિક્ષામાં બેસવા માટેની ઉમેદવારી રદ થવાપાત્ર છે. **પીઈટીમાં કોઈ માર્કસ નથી.**

- **લેખિત પરીક્ષા :** પીઈટી પાસ કરતા ઉમેદવારોએ લેખિત પરીક્ષામાં નીચેના પેપરોનો સમાવેશ થાય છે.

**(૧) એસઆઈ (આરઓ, ક્રાય, ટેકનીકલ)**
**પેપર-૧ ૧ કલાક - ૧૦૦ માર્ક**

- જનરલ ટેસ્ટ

(એ) સામાન્ય બુધ્ધિશક્તિ તથા રીઝનીંગ
(બી) સામાન્ય જ્ઞાન
**પેપર - ૨ ૧ કલાક - ૧૦૦ માર્ક**

- **એસઆઈ (આરઓ):** ફિઝિક્સ, ગણિત, કમ્પ્યુટર સાયન્સ અથવા તો આંકડાશાસ્ત્ર
- **એસઆઈ (ક્રાય) :** ગણિત, સામાન્ય વિજ્ઞાન તથા અંગ્રેજી ભાષા, સારાંશ
- **એસઆઈ (ટેક) :** ટેલિકોમ, નેટવર્ક, ઈલેકટ્રોનિક્સ તથા કોમ્પ્યુટર

**નોંધ :-** પેપર ૧ તમામ કેટેગરીના ઉમેદવારો માટે કોમન છે. પેપર ૨ એ સબંધિત કેટેગરી માટે અરજી કરેલા ઉમેદવારો માટે છે. બન્ને પેપરો હેતુલક્ષી પ્રકારના છે એસઆઈ પોસ્ટ માટે અંગ્રેજી ભાષાના સારાંશના વિષયને બાદ કરતા.

- **એસઆઈ માટે ( ટેક)**

**ફક્ત એક પેપર - ૧ કલાક - ૧૦૦ માર્ક**

હેતુલક્ષી પ્રશ્નોમાં ગણિત, ફિઝિક્સ, સાયન્સ તથા સામાન્ય જ્ઞાનનો સમાવેશ થાય છે. તમામ જગ્યાઓ માટે લેખિત પરીક્ષામાં પાસ થવા માટે ઓછામાં ઓછા માર્કસ નીચે પ્રમાણે છે.

(એ) સામાન્ય અને માજી સૈનિકો માટે : ૩૫ ટકા
(બી) એસસી, એસટી અને ઓબીસી માટે : ૩૩ ટકા

લેખિત પરીક્ષામાં મિનિમમ માર્ક મેળવતા ઉમેદવારો ઈન્ટરવ્યૂ માટે પાત્ર છે.

❑ **ઈન્ટરવ્યૂ અને પર્સનાલિટી ટેસ્ટ :**

(૧) દરેક જગ્યા તથા કેટેગરીમાં ખાલી જગ્યાઓની સંખ્યાના ત્રણ ગણા સુધી પાત્ર ઉમેદવારને ઈન્ટરવ્યૂ તથા પર્સનાલિટી ટેસ્ટ માટે બોલાવવામાં આવશે.

(૨) ઈન્ટરવ્યૂ અને વ્યક્તિગત ટેસ્ટ ૫૦ ગુણનો હશે.

- **તબીબી પરિક્ષણ :** લેખિત પરીક્ષામાં લાયક ઠરતા તથા ઈન્ટરવ્યૂના માર્કના ઉમેરા પછી મેરીટમાં આવતા ઉમેદવારોને તબીબ પરિક્ષણ માટે બોલાવવામાં આવશે, તબીબી પરિક્ષણ સીઆરપીએફ માનકો પ્રમાણે યોજવામાં આવશે.
- **ભરતી કેન્દ્ર :** ઉમેદવારે તેમની અરજીઓ નીચેના કોઇ એક સેન્ટરમાં મોકલી શકે છે.

(૧) નવી દિલ્હી (૨) હૈદ્રાબાદ (૩) કોલકત્તા

- **અરજી મોકલવાનું સ્થળ : નવી દિલ્હી :** કમાન્ડ ૧ સિગ્નલ બીએન, સીઆરપીએફ, પોસ્ટ ઓફિસ, ઝરોડા કલાન નજફગઢ, નવી દિલ્હી ૧૧૦ ૦૭૨. સંપર્ક નંબર : ૦૧૧-૨૫૩૧૫૩૭૮.

**હૈદ્રાબાદ :** કમાન્ડ ૧ સિગ્નલ બીએન, સીઆરપીએફ, પોસ્ટ ઓફિસ, કેશોગીરી, ચંદ્રયાનગુટ્ટા, હૈદ્રાબાદ, આંધ્રપ્રદેશ ૫૦૦ ૦૦૫. સંપર્ક નંબર - ૦૪૦-૨૪૪૪૦૧૨૦

**કોલકત્તા :** કમાન્ડ ૧ સિગ્નલ બીએન, સીઆરપીએફ, પોસ્ટ ઓફિસ, સેકટર-૪ સોલ્ટ લેક, કોલકત્તા, પશ્ચિમ બંગાળ ૭૦૦ ૦૯૧. સંપર્ક નંબર : ૦૩૩-૨૩૬૭૪૬૩૯.

❑ **અરજી કેવી રીતે કરશો ? :**

(૧) ઉમેદવારો ફક્ત એક કેટેગરી માટે અરજી કરી શકે છે. જો ઉમેદવારો એક કરતાં વધારે જગ્યા માટે અરજી કરે તો તેમની ઉમેદવારી તાત્કાલીક રીતે રદ કરી દેવામાં આવશે.

(૨) ઉમેદવારોએ ફક્ત એક ભરતી કેન્દ્ર સિગ્નલ બટાલીયન ઓફ સીઆરપીએફમાં નિર્ધારીત નમૂનામાં અરજી કરવાની છે જે પરિશિષ્ટ-Aમાં આપવામાં આવ્યું છે. અરજીફોર્મ સુઘડ અક્ષરોમાં તથા સંપૂર્ણ પણે ભરેલા હોવા જોઇએ. અરજી સાથે ગેઝેટેડ અધિકારીના દ્વારા પ્રમાણિત દસ્તાવેજોની પ્રમાણિત નકલ બીડવી.

- અરજી સાથે જન્મતારીખના આધાર માટે મેટ્રિક્યુલેશન પ્રમાણપત્ર અથવા તો તેની સમકક્ષ.
- એસસી, એસટી તથા ઓબીસી પ્રમાણપત્ર મામલતદાર અથવા તો એસડીએમ, એસડીઓથી નીચેના કક્ષાના ન હોય તેવા અધિકારી દ્વારા જારી થયેલું હોવું જોઇએ જે ડીઓપી એન્ડ એઆર, જીઓઆઇ લેટર નં. ૩૬૦૧૨.૭૬-એસ્ટે. એસસીટી તા. ૨૯-૧૨-૧૯૭૭ તથા ડીઓપીટી એન્ડ ઓએમ નં. ૩૬૦૩૩ ૨૮.૯૪ એસ્ટે. તા. ૨-૭-૧૯૭૭ ક્રમશ, આ પ્રમાણેના નિર્ધારિત નમૂના પ્રમાણે હોવું જોઇએ.
- સબંધિત જગ્યા કે પોસ્ટ માટે લાગુ પડતા ટેકનીકલ શૈક્ષણિક લાયકાતના માર્કશીટ / સર્ટિફિકેટ.
- ભારતના નાગરિકની ઓળખ ચકાસણી માટે કાયમી રહેણાંક, ડોમીસાઈલ પ્રમાણપત્ર જે મામલતદાર અથવા તો એસડીએમ, એસડીઓથી નીચેના કક્ષાના ન હોય તેવા અધિકારી દ્વારા જારી થયેલું હોવું જોઇએ . મામલતદાર અથવા તો એસડીએમ, એસડીઓની નીચેના કક્ષાના ન હોય તેવા અધિકારી દ્વારા જારી થયેલું નેટીવીટી પ્રમાણપત્ર ઊંચાઇ અને છાતીમાં છૂટછાટ મેળવવા માંગતા ઉમેદવારો રજૂ કરવાનું છે.

➔

- ➔♦ વધારાનો એક કલર પાસપોર્ટ સાઈઝનો ફોટો (અરજીપત્રક અને પ્રવેશ કાર્ડમાં લગાડવામાં આવ્યો હોય તે પ્રમાણેનો)
- ♦ એક પોતાના નામ સરનામાવાળું ૪ x ૯ ઇંચ સાઇઝનું રૂા. ૫ ની ટપાલ ટીકીટ લગાડેલું કવર.
- ♦ સરકારી વિભાગ, અર્ધ સરકારી વિભાગ, જાહેર સાહસોમાં કામ કરતા ઉમેદવારો તેમના સંસ્થા, રોજગારદાતા પાસેથી વાંધા નહિ પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.
- ♦ માજી સૈનિકોએ તેમની ડિસ્ચાર્જ બૂકની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે.
- ♦ **અરજી ફી :** સામાન્ય કેટેગરી અને ઓબીસીના ઉમેદવારો માટે રૂા. ૫૦. એસસી અને એસટી ઉમેદવારો માટે કોઇ ફી નથી. ઉમેદવાર ક્રોસ્ડ કરેલો ડિમાન્ડ ડ્રાફ્ટ (પરત ન મળવાપાત્ર) રજૂ કરવાનો છે. જે **કમાન્ડન્ટ,......... સિગ્નલ બીએન, સીઆરપીએફ,** ના નામે જે તે જીપીઓ ખાતે ચુકવણીપાત્ર સંબંધિત શહેરની જ્યાં સિગ્નલ બટાલીયન આવેલી છે અને અરજી મોકલી આપવામાં આવી છે.
- ♦ **સેવાની શરતો :** સેવાની શરતોનું નિયમન સીઆરપીએફ ધારા ૧૯૪૯ તથા સીઆરપીએફ રૂલ્સ ૧૯૫૫ હેઠળ થશે. દરેક ઉમેદવારે ભારતની અંદર કે બહાર સેવા બજાવવાની રહેશે.

❑ **સામાન્ય સૂચનાઓ :**

- ♦ અરજીઓની પ્રાથમિક ચકાસણી પછી પાત્ર તમામ ઉમેદવારોને મૂળ દસ્તાવેજો પ્રમાણપત્રોની ખરાઇ કરવા માટે પસંદગી બોર્ડ સમક્ષ હાજર થવાનો કોલ લેટર ઇસ્યુ કરવામાં આવશે ત્યાર બાદ શારીરિક ટેસ્ટ અને પછી લેખિત પરીક્ષા અને ઇન્ટરવ્યૂ આયોજિત કરવામાં આવશે. ઉમેદવારોએ તેમની અરજી સાથે જોડેલા પોતાના સરનામા વાળા કવરમાં કોલ લેટર મોકલી આપવામાં આવશે. ગેરલાયક ઠરેલા તમામ ઉમેદવારોને જાણ કરવામાં આવશે. અરજી રદ થયાના કિસ્સામાં કોઇ અપીલ કે પ્રતિનિધિત્વ થઇ શકશે નહિ. તેમ છતાં પણ **તા. ૧૦-૦૮-૨૦૧૦** સુધીમાં કોઇ પ્રત્યુત્તર ન મળે તો તેવા ઉમેદવારો તેમના સબંધિત કેન્દ્ર ખાતે પુછપરછ કરી શકે છે.
- ♦ ભરતીના સમયે ઉમેદવારોએ ચકાસણી માટે તેમના મૂળ દસ્તાવેજો અને પ્રમાણપત્રો રજૂ કરવાના છે.
- ♦ લેખિત પરીક્ષાના પેપરો હિન્દી અને અંગ્રેજી એમ બન્ને ભાષામાં હશે. ઉમેદવારોએ અંગ્રેજી અથવા તો હિન્દીમાં જવાબો આપવાના રહેશે પરંતુ બન્ને ભાષામાં નહિ.
- ♦ સશસ્ત્ર દળોમાં ઉચ્ચ હોદો અથવા તો તેની સમકક્ષ હોદો ધરાવતા માજી સૈનિકો નીચેની શરતોને અધિન પાત્ર છે.
  - (૧) શારીરિક માપદંડો અને શૈક્ષણિક લાયકાતમાં સંપૂર્ણ છુટછાટ
  - (૨) લશ્કરી સેવા સુધી વયમાં છૂટછાટ વત્તા ૩ વર્ષ
  - (૩) સેવામાંથી લીધેલો વિરામ ૨ વર્ષ કરતા વધારે ન હોવા જોઇએ.
  - (૪) તેઓ મેડિકલ કેટેગરી શેપ-૧માં આવતા હોવા જોઇએ.
  - (૫) તેમણે લેખિત પરિક્ષા, ઇન્ટરવ્યૂ તથા તબીબી પરિક્ષણમાં ભાગ લેવાનો રહેશે.
- ♦ લેખિત પરિક્ષા અને ઇન્ટરવ્યૂમાં મેળવેલ કુલ માર્કના આધારે અંતિમ મેરિટ લિસ્ટ બહાર પાડવામાં આવશે.
- ♦ ભરતી માટેની વિવિધ કસોટીઓ કે પસંદગી થતાં હાજર થવા માટે કોઇ પણ પ્રકારનું ટીએ કે ડીએ આપવામાં નહીં આવે, તેમ છતાં પણ એસસી અને એસટી ઉમેદવારોના કિસ્સામાં લેખિત પરીક્ષામાં હાજરી આપવા માટે પ્રવાસ ભથ્થાંઓ ચુકવવામાં આવશે. જોકે તેમણે રેલવે કે બસ ટિકીટ, મૂળ જાતિ પ્રમાણપત્ર, એમપી કે એમએલએનું નોન એમ્પ્લોયમેન્ટ પ્રમાણપત્ર, અથવા તો જે તે સ્થળના ગેઝેટેડ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે જો તેઓ રાજ્ય કે કેન્દ્ર સરકારમાં કામ ન કરતા હોય તો.
- ♦ કેટેગરી પ્રમાણેના મેરિટ લિસ્ટમાંથી નિમણૂક કરવામાં આવશે.
- ♦ શારીરિક કસોટી કે ટેસ્ટ, પ્રવાસ દરમિયાન થતી ઇજા માટે સરકાર જવાબદાર રહેશે નહિ. ઉમેદવારોએ લેખિત પરીક્ષા માટે તેમની સાથે પેન પેન્સીલ, ઇન્ક અને ક્લીપ બોર્ડ લાવવાનું રહેશે. ઉમેદવારોએ ભરતી હેતુ માટે પોતાના ખર્ચે રહેવા અને જમવાની સગવડ સાથે ૬ થી ૭ દિવસ સુધીના રોકાણની તૈયારી કરીને આવવાનું રહેશે.
- ♦ જે ઉમેદવારોને તબીબી પરિક્ષણમાં અયોગ્ય ઠેરવવામાં આવે તો તેમને તેમની ગેરલાયકાતતા અંગે પ્રિઝાઇડિંગ ઓફિસર દ્વારા જાણ કરવામાં આવશે. જો ઉમેદવાર મેડિકલ ઓફિસરના તારણથી સંતુષ્ટ ન હોય તો તેઓ પુન મેડિકલ ચકાસણી માટે તેમની ફિટનેશની સાબિતી સાથે ડીઆઇજી (સિગ્નલ રેન્જ) સીઆરપીએફ, એચસી બ્લોક, સેકટર-૩ સોલ્ટ લેક, કોલકત્તા ખાતે અપીલ કરી શકે છે. તબીબી પ્રમાણપ પર ત્યાં સુધી વિચાર નહિ કરવામાં આવે જ્યાં સુધી તેમાં સબંધિત ચિકિત્સક દ્વારા એ મતલબની ટીપ્પણી ન કરવામાં આવે કે પ્રમાણપત્ર એ હકીકતની પુરી જાણકારી પછી આપવામાં આવ્યું છે કે આ ઉમેદવારોને મેડિકલ અધિકારી દ્વારા નિમણૂક માટે ગેરલાયક ઠેરવવાના કારણે પહેલથી અસ્વીકાર કરી દેવામાં આવ્યો છે. જો અરજીની સાથે સબંધિત કમાન્ડન્ટ ૩ સિગ્નલ બટાલીયન, **CRPF**ના નામે પુન મેડિકલ ચકાસણીની ફી તરીકે રૂા. ૨૫નો પોસ્ટલ ઓર્ડર સામેલ ન કરવામાં આવે તો અપીલ ધ્યાનમાં નહિ લેવામાં આવે. અપીલ નીચેના સરનામા ખાતે મોકલી આપવાની રહેશે. ડીઆઇજી (સિગ્નલ રેન્જ) મેડિકલ ઓફિસરના તારણની જાણ પછીના એક મહિનાના સમયગાળામાં.
- ♦ જો કોઇ ઉમેદવાર અપાત્ર માલુમ પડે અથવા તો તેની પસંદગી અને નિમણૂક થયાં પછી કોઇ હકીકત છુપાવતો જણાય તો કોઇ પણ પ્રકારનું કારણ જણાવ્યા વિના તેની સેવા સમાપ્ત કરી દેવામાં આવશે.
- ♦ ઉપ નિરિક્ષક (રેડિયો ઓપરેટર) ક્રિપ્ટો, તકનીકી તથા એએસઆઇ (ટેક)ની જગ્યાઓ માટે પસંદગી પામેલા ઉમેદવારોએ કેન્દ્રીય પ્રશિક્ષણ, **CRPF**, નાંદેદમાં એક વર્ષની પોલીસ બુનિયાદી તાલીમ લેવાની રહેશે તથા ત્યાર પછી કેન્દ્રીય તાલીમ કોલેજ (દૂરસંચાર તથા માહિતી ટેકનોલોજી) **CRPF**, રાંચી (ઝારખંડ) માં ટેકનોલોજીની તાલીમ લેવી પડશે. જે ઉમેદવારો સંપૂર્ણ સમયગાળાના તાલીમ (મૂળ અને ટેકો. ટ્રેડ કોર્ષ) સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં નિષ્ફળ નીવડે તેમની સેવા સમાપ્ત કરી દેવામાં આવશે.

❑ **પરિણામોની જાહેરાત :** સફળ ઉમેદવારોના સબંધમાં લેખિત પરીક્ષાનું પરિણામ તથા ઇન્ટરવ્યૂ તથા તબીબી પરિક્ષાનું પરિણામ સંબંધિત ભરતી કેન્દ્રના નોટીસ બોર્ડ પર સમયાનુસાર પ્રદર્શિત કરવામાં આવશે તથા સીઆરપીએફની વેબસાઇટ **www.crpf.gov.in** પર પ્રકાશિત કરવામાં આવશે. ●

**એનેક્ષર-એ**

સીઆરપીએફમાં સબ ઇન્સપેક્ટર (રેડિયો ઓપરેટર), સબ ઇન્સપેક્ટર (ક્રાય) સબ ઇન્સપેક્ટર (ટેકનીકલ), આસિ. સબ ઇન્સપેક્ટર (ટેકનિકલ)ની જગ્યા માટે અરજીપત્રક

તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો

અરજી પ્રાપ્તિ નં. : ____________

રોલ નં. ____________

૧. જે જગ્યા માટે અરજી કરી હોય તે : ____________

૨. પુરુ નામ (બ્લોક અક્ષરોમાં) : ____________

૩. પિતાનું નામ : ____________

૪. કાયમી સરનામું (પીન કોડ સાથે) : ____________

૫. કાયમી ટપાલનું સરનામું (પીન કોડ સાથે) : ____________

૬. ધર્મ : ____________હિન્દુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી, જૈન, બુધ્ધ કે અન્ય

૭. એસસી, એસટી કે પછી ઓબીસી : ____________

૮. મૂળ રાજ્ય : ____________

૯. ખ્રિસ્તી વર્ષમાં જન્મતારીખ : ____________

(૧) વય તા. ૦૧-૦૮-૨૦૧૦ ના રોજ__________ વર્ષ__________મહિનો__________દિવસ

૧૦. શૈક્ષણિક લાયકાત : ____________

(શૈક્ષણિક ટેકનીકલ લાયકાત પ્રમાણપત્ર)

| શાળા/કોલેજનું નામ | પરીક્ષાના માન્ય બોર્ડ યુનિ. નું નામ | પાસ કરેલી પરીક્ષા | પ્રાપ્ત કરેલ ડિવિઝન/ ક્લાસ | મેળવેલા માર્કની ટકાવારી |
|---|---|---|---|---|
| | | | | |

૧૧. શું તમે એનસીસી અથવા તો અન્ય વધારાની : ____________
કોઇ શૈક્ષણિક પ્રવૃતિના સભ્ય રહી ચુક્યા છો.

૧૨. શું તમે પરણિત છો : ____________

૧૩. શારીરિક માપ : ઊંચાઇ.......સેમી છાતી.
વજન.........કિ.ગ્રા ફુલાવેલી......... સે.મી.
ફુલાવ્યા વિના ........... સે.મી.

૧૪. પોસ્ટલ ઓર્ડર નં. તથા તારીખ અને અન્ય વિગતો : ____________

૧૫. હાલના રોજગારીની વિગતો, જો હોય તો : ____________

૧૬. ભરતી કેન્દ્ર : ____________

૧૭. બીડાણની યાદી : ____________

**જાહેરાત**

હું સોગંદપૂર્વક જાહેર કરુ છું કે અરજીપત્રકમાં દાખલ કરવામાં આવેલી ઉપરોક્ત વિગતો મારી જાણ અને સમજણ પ્રમાણે સાચી છે.

સ્થળ :

તારીખ : **ઉમેદવારની સહી.**

**નોંધ :** ઉમેદવારોએ ફક્ત એક કેટેગરીની જગ્યા માટે અરજી કરવાની છે. એક કરતા વધારે જગ્યા માટે કોઇ પણ ઉમેદવાર પાત્ર નથી.

**પ્રવેશ કાર્ડ**

ગેઝેટેડ અધિકારી દ્વારા પ્રમાણિત પાસપોર્ટ સાઇઝનો ફોટો

(આ પ્રવેશ કાર્ડ વિના ઉમેદવારોને ભરતીમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં નહિં આવે)

(ઉમેદવારે ભરવાનું છે.)

નામ : ____________

પિતાનું નામ : ____________

જે જગ્યા માટે અરજી કરી હોય તેનું નામ : ____________

ઉમેદવારની સહી : ____________

**અરજી સ્વીકારનાર ઓથોરીટીએ ભરવાનું છે.**

રોલ નં. : ____________

જે કસોટી આપવાની છે તેનું નામ : ____________

જન્મતારીખ : ____________

શું સીધેસાધા કે વિભાગના ઉમેદવાર છો : ____________

એસસી, એસટી કે ઓબીસી : ____________

ભરતીમાં હાજર થવા માટે સંપૂર્ણ સરનામા સાથે ભરતી કેન્દ્ર : ____________

ઉમેદવારે જે તારીખ અને સમયે હાજર રહેવાનું છે તેની વિગત :-

તારીખ__________ સમય__________ કલાક __________ અરજી સ્વીકારનાર ઓથોરીટીની સહિ.

# ખેત પેદાશો આધારિત ઉદ્યોગ પ્રોજેક્ટ પ્રોફાઈલ

## મીની ઓઈલ મિલ

સ્વરોજગાર માર્ગદર્શન

વિનોદ રાવ

❑ **ઉપયોગિતા :-**

આ પ્રકારનો ધંધો ગ્રામ્ય વિસ્તારમાં ૫૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા અગર મુખ્ય ધોરી માર્ગ, અન્ય ગામડાના રસ્તાથી જોડાતા રસ્તાના સર્કલ પર કેન્દ્રમાં મીની એક્ષપેલર બેસાડી જોબવર્ક કરવામાં આવે છે.

હાલમાં બજારમાં ભેળસેળવાળું ખાદ્યતેલ મળતું હોય છે. આ સંજોગોમાં ચોખ્ખું સિંગતેલ, રાયડાનું તેલ અગર સરસિયુ તેલ મેળવવા માટે લોકો પોતાના કાચામાલમાંથી તેલ બનાવડાવે છે. આથી સસ્તું અને ૧૦૦ ટકા શુધ્ધતાવાળુ જળવાઇ રહે છે, તેથી ગ્રામ વિસ્તારોમાં સૌરાષ્ટ્રમાં મગફળી તથા ઉત્તર ગુજરાતમાં રાઇ, સરસવ તેલ વ. તેલ કાઢવા માટે મીની એક્ષપેલર ઘણું જ ઉપયોગી નીવડે છે અને આ એક્ષપેલરનો ખોળ સોલવન્ટ પ્લાન્ટ વાળા ઉંચાભાવથી ખરીદ કરતા હોય છે.

❑ **બજાર વ્યવસ્થા :-**

તાલુકા કક્ષાએ અગર સેમી અર્બન વિસ્તારમાં એક્ષપેલર બેસાડવામાં આવે તો ખેડૂત પોતે કાચો માલ લાવે છે અને તેની પાસેથી મજૂરી લઇ અગર તેલ કાઢી લીધા બાદ નીકળતો ખોળ મજૂરી પેટે લઇ લેવામાં આવે છે. આથી સ્થાનિક જ બજાર હોય છે.

❑ **ધારણાઓ :**

(૧) સેમી અર્બન વિસ્તારમાં મજૂરી કામ ઉપરાંત પોતાની મૂડી રોકી તેલનું ઉત્પાદન કરવામાં આવે તો વળતર વધુ મળે છે.

(૨) વાર્ષિક છ માસ ઉદ્યોગ ચાલી શકે.

❑ **ઉત્પાદન પ્રક્રિયા :**

મીની એક્ષપેલરમાં રાયડો, સરસવ, મગફળી વ. મશીનથી હોપરમાં નાખવામાં આવે છે. જે ઇલે. મોટર દ્વારા એક્ષેપેલર સ્ક્રૂ પ્રેસમાં જાય છે. ત્યાં લઇ ફિલ્ટર પ્રેસમાં જાય છે. છેલ્લે પ્રેસમાં થઇ ચોખ્ખું તેલ મળે છે. અને બીજા તેમાંથી ઓઇલ કેક (ખોળ) મળે છે.

❑ **ઉત્પાદન ક્ષમતા :**

વાર્ષિક છ માસ (૧૮૦ દિવસ) ગણતાં તથા કલાકના ૬૦ કિલો મગફળી પીલાણ, ૭૦ કિલો રાયડો પીલાણ ગણતાં વાર્ષિક પીલાણ ૬૦ કિલો ૧૦ કલાક ૧૮૦ દિવસ - ૧૦૮૦૦ કિલો.

❑ **પરવાના અંગેની ખાસ જરૂરિયાત :**

''કુટીર ઉદ્યોગ'' માન્ય હોઇ કોઇ પરવાનાની જરૂરત નથી.

❑ **સ્થાયી મૂડી રોકાણ :**

♦ **જમીન / મકાન :**

અંદાજી ૨૦' X ૧૨' ની જગ્યાની જરૂરીયાત રહે તે માસિક રૂા. ૭૦૦ ભાડાથી ગણેલ છે.

♦ **પ્લાન્ટ / મશીનરી / સાધનો / ડાઇઝ ટુલ્સ વ.**

| અનુ. નંબર | સાધનોનું વર્ણન | સંખ્યા | કિંમત રૂા. |
|---|---|---|---|
| ૧. | એક્ષપેલર ૨૨ ૩.૫ | ૧ | ૬૦,૦૦૦ |
| ૨. | વરાળ માટેની કીટલી | ૧ | ૭,૦૦૦ |
| ૩. | ફિલ્ટર પેસ તથા ૧૨'' X ૧૨'' પ્લેટનું | ૧ | ૧૮,૦૦૦ |
| ૪. | બેબી બોઇલર | ૧ | ૧૦,૦૦૦ |
| ૫. | સિંગફોલ મશીન | ૧ | ૮,૦૦૦ |
| ૬. | ડિઝલ એન્જિન ૭/૮ હો. પા. ઇલે. મોટર | ૧ | ૮,૦૦૦ |
| ૭. | કાઉન્ટર શાફ્ટ, પેડેસ્ટલ, પટ્ટા, પુલી પાઇપ વિ. | ૧ | ૧૦,૦૦૦ |
| ૮. | ઇલે. ઇન્સ્ટોલેશન | | ૫,૦૦૦ |
| | | | ૧,૨૬,૦૦૦ |

♦ **ઓફિસ ફર્નિચર વિ.**

ખુરશી ટેબલ, વજનકાંટો માપીયો વિ. ૫,૦૦૦

♦ **સ્થાયી મૂડી રોકાણ** ૧,૩૧,૦૦૦

♦ **કાર્યકારી ભંડોળ :**

કાચો માલ ગ્રાહક લાવશે -

એક માસનો પગાર અને પાવર ખર્ચ કુલ ૨,૫૦૦

♦ **કુલ મૂડી રોકાણ** ૧,૩૩,૫૦૦

♦ બેંક લોન (પ્લાન્ટ/મશીનરી/તથા કાર્યકારી ભંડોળ)

બેંક લોન ૩ માસના મોરેટોરીયમ પીરીયડ ૧,૩૩,૫૦૦

બાદ પાંચ વર્ષમાં ભરપાઇ કરવાની રહે. વ્યાજનો દર ૧૧.૫ ટકા ગણેલ છે.

♦ આવર્તક ખર્ચ ( ઉત્પાદન ખર્ચ ) વાર્ષિક :

| | | |
|---|---|---|
| અ. | કાચોમાલ | - |
| બ | પગાર ખર્ચ ૨ વ્યક્તિ રૂા. ૬૦ X ૧૮૦ દિવસ | ૨૧,૬૦૦ |
| ક. | પાવર ફ્યુઅલ ખર્ચ | ૨૨,૫૦૦ |
| ડ. | બેંકનો હપ્તો વ્યાજ સાથે | ૨૮,૫૦૦ |
| ઇ. | પેકીંગ ખર્ચ | - |
| ફ. | ઘસારા ખર્ચ | ૧૩,૦૦૦ |
| જ. | રીપેર, સ્ટોર્સ, અન્ય વપરાશી વસ્તુ વિ. | ૫,૦૦૦ |
| ઝ. | મકાન ભાડું | ૮,૪૦૦ |
| ઇ. | અન્ય ખર્ચ | - |
| | કુલ આવર્તક ખર્ચ | ૯૯,૦૦૦ |

❑ **કુલ વેચાણ : ( વાર્ષિક) :**

ખોળ વેચાણની આવક રૂા. ૧,૫૦,૦૦૦

❑ **નફોતોટાનો અંદાજ (વાર્ષિક)** ૧,૫૦,૦૦૦

બાદ : માસિક આવર્તક ખર્ચ ૯૯,૦૦૦

ચોખ્ખો નફો માસિક ૫૧,૦૦૦

❑ **અન્ય વિગત :**

(૧) કારીગર તરીકે લોન લેનાર વ્યક્તિ કામ કરે તો વધારાની માસિક આવક મળી રહે.

(૨) વાર્ષિક છ માસ ઉદ્યોગ ચાલી શકે.

❑ **ખાસ નોધ :**

(૧) ખાદી અને વિલેજ ઇન્ડસ્ટ્રીઝ બોર્ડનું પ્રમાણપત્ર મેળવવામાં આવે તો સેલ્સ ટેક્ષ લાગતો નથી.

❑ **કાચા માલના ઉત્પાદકો/વિતરકો :**

ગ્રાહક પોતે જ પીલાણ માટે કાચો માલ આપે છે.

❑ **મશીનરી સાધનો ડાઇઝટુલ્સના ઉત્પાદકો વિતરકો :**

૧. મે. અમૃત એન્જિનિયરિંગ વર્કસ, પ્રતાપનગર, વડોદરા.

૨. મે. લક્ષ્મી વિજય આર્યન એન્ડ બ્રાસ વર્કસ, પટેલ એસ્ટેટ પાસે. વડોદરા.

૩. મે. સિધ્ધપુર એન્જિ. વર્કસ, ભક્તિનગર, સ્ટેશન સામે, રાજકોટ.

૪. મે. એગ્રો. ઇન્ડસ્ટ્રીયલ એજન્સી, માલવીયા વાડી પાસે, ગોંડલ રોડ, રાજકોટ.

----------

*(લેખક કુટીર અને ગ્રામોદ્યોગ કમિશનર છે)*

# અન્ય જાહેરખબર

❑ **દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરીટી : નવી દિલ્હી**

**જગ્યાનું નામ :** જુ. એન્જિનિયર (સિવિલ/ઇલેકિટ્રકલ/મિકે.), સેકશન ઓફિસર (હોર્ટીકલ્ચર), લોઅર ડિવિઝન કલાર્ક કમ ટાઇપીસ્ટ

**જગ્યાની સંખ્યા:** ૫૨૮

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૮-૬-૨૦૧૦**

**વેબસાઇટ :** www.dda.org.in

❑ **ગાર્ડન રીચ શીપ બિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિ. : કોલકત્તા**

**જગ્યાનું નામ :** સુપરવાઇઝર (મિકેનિકલ/ઇલેકિટ્રકલ/પાવર/ઇલે./રેડિયો/સિસ્ટમ)

**જગ્યાની સંખ્યા:** ૧૨

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૪-૬-૨૦૧૦**

**વેબસાઇટ :** www.grse.nic.in

❑ **સિંડીકેટ બેંક : મનીપાલ**

**જગ્યાનું નામ :** પ્રોબેશનરી ઓફિસર

**જગ્યાની સંખ્યા:** ૧૦૦૦

**ઓન લાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૭-૭-૨૦૧૦**

**વેબસાઇટ :** www.syndicatebank.in

❑ **હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. : મુંબઇ**

**જગ્યાનું નામ :** જનરલ મેનેજર-પ્રોસેસ ટેકનોલોજી,
: ડે. જનરલ મેનેજર-ક્વોલીટી ટેસ્ટીંગ એન્ડ એનાલીટીકલ, ચીફ મેનેજર - (FCC હાઇડ્રો/પ્રોસેસીંગ / કેટાલીસીસ / મોડેલીંગ એન્ડ સીમ્યુલેશન / બાયો પ્રોસેસીસ), મેનેજર-એનાલીટીકલ / ટ્રાયબોકેમેસ્ટ્રી

**જગ્યાની સંખ્યા :** ૧૦

**ઓન લાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૦-૬-૨૦૧૦**

**વેબસાઇટ :** www.hindustanpetroleum.com

❑ **ઇંડિયન ઓઇલ કોર્પોરેશન લિ. : પાનીપત (હરિયાણા)**

**જગ્યાનું નામ :** સ્ટેનોગ્રાફર કમ જુનિ. ઓફિસ આસિ.

**જગ્યાની સંખ્યા:** ૧૪

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૬-૬-૨૦૧૦**

**વેબસાઇટ :** www.iocl.com

❑ **ધ રબર બોર્ડ : કોટ્ટાયામ (કેરલ)**

**જગ્યાનું નામ :** જો. ડાયરેકટર (કોપ ઇમ્પ્રુવમેન્ટ / કોપ પ્રોડકશન), ડે.ડાયરેકટર (ઇકોનોમિક્સ રિસર્ચ જર્મપ્લાઝ/રીજનલ સ્ટેશન/ઇન્સ્ટુમેન્ટેશન એન્જિનિયરીંગ), સિ. સાયન્ટિસ્ટ (કોપ ફીઝીયોલોજી / લેટેક્સ હાર્વેસ્ટ ટેકનોલોજી / રબર પ્રોસેસીંગ / ટેકનોલોજી/કોપ પ્રોટેકશન/એગ્રિકલ્ચરલ કેમિસ્ટ્રી/બોટની/બાયો કેમિસ્ટ્રી , રબર ટેક્નોલોજીસ્ટ, સાયન્ટિસ્ટ) (એગ્રિકલ્ચરલ ઇકોનોમિક્સ/કોપ ફીજીયોલોજી/એગ્રોનોમી/ઇકોનોમિક્સ/બોટની/પ્લાન્ટ બ્રીડીંગ), આસિ. સાયન્ટિફિક ઓફિસર

**જગ્યાની સંખ્યા:** ૨૫

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૦-૬-૨૦૧૦**

**વેબસાઇટ :** www.rubberboard.org.in

❑ **સેન્ટ્રલ સિલ્ક બોર્ડ : બેંગ્લોર**

**જગ્યાનું નામ :** સિનિ. લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન આસિ., આસિસ્ટન્ટ, આસિસ્ટન્ટ (ટેકનીકલ), આર્ટીસ્ટ, યુ.ડી.સી., ફિલ્ડ આસિસ્ટન્ટ, એલ.ડી.સી., આસિ. ટેકનીશીયન, સાયન્ટીસ્ટ

**જગ્યાની સંખ્યા:** ૧૧૮

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૫-૬-૨૦૧૦**

❑ **સેન્ટ્રલ એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ**

**જગ્યાનું નામ :** વોકેશનલ ઇન્સ્ટ્રકટર (ઇલે./વેલ્ડર), વાયરલેસ સુપરવાઇઝર, ઇન્વેસ્ટીગેટર (કેમિકલ), ઇન્વેસ્ટીગેટર (મેટલ ફીનીશીંગ/લેધર એન્ડ ફૂટવેર/મેટાલર્જી/ફ્રુડ/મિકેનિકલ)

**જગ્યાની સંખ્યા:** ૨૦

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૮-૬-૨૦૧૦**

(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ તા. ૫-૬-૨૦૧૦)

**(૧) 'નેનો' નોલેજ સિટીની સ્થાપના ક્યાં કરવામાં આવી રહી છે ?**
(એ) ગુડગાંવ (બી) ચંદીગઢ
(સી) હૈદ્રાબાદ (ડી) નોઈડા

**(૨) 'સ્વદેશી વર્તમાનપત્ર વિરોધી કાયદો' કયા ગવર્નર જનરલની કારકિર્દીમાં પસાર થયો હતો ?**
(એ) લોર્ડ લિટન (બી) લોર્ડ રિપન
(સી) લોર્ડ ડફરીન (ડી) લોર્ડ કર્ઝન

**(૩) 'ઈન્ડિયન એસોસીએશન' ના સંસ્થાપક કોણ છે ?**
(એ) દાદાભાઈ નવરોજી (બી) ફિરોજશાહ મહેતા
(સી) સુરેન્દ્રનાથ બેનરજી (ડી) રાનડે

**(૪) કોંગ્રેસના મદ્રાસ (1887) ના અધિવેશનના અધ્યક્ષ કોણ હતા ?**
(એ) દાદાભાઈ નવરોજી (બી) બદરૂદીન તૈયબજી
(સી) પી. આનંદ ચાર્લુ (ડી) સુબ્રમણ્યમ ઐયર

**(૫) 'એંગ્લો-મુસ્લિમ ડિફેન્સ એસોસીએશન' ના સંસ્થાપક કોણ હતા ?**
(એ) સર સૈયદ અહમદ (બી) સર વિલ્યમ હંટર
(સી) બેરિસ્ટર ઝીણા (ડી) આચાર્ય થીઓર્ડોર બેક

**(૬) કઈ યોજનાનું વર્ણન મહાત્મા ગાંધીએ 'ડૂબેલી બેંક પરનો ચેક' તરીકે કર્યું ?**
(એ) લિયાકત અલી-દેસાઈ યોજના (બી) ક્રિપ્સ યોજના
(સી)ત્રિમંત્રી યોજના (ડી) રાજાજી યોજના

**(૭) ભારતની હંગામી સરકારની મુસ્લિમ લીગમાં 'લિયાકત અલી-ખાન' એ કયા ખાતાના મંત્રી હતા ?**
(એ) ગૃહ ખાતું (બી) નાણા ખાતું
(સી)શિક્ષણ ખાતું (ડી) સુરક્ષા ખાતું

**(૮) ભારતીય રાજ્યમાં પ્રજાસત્તાક તરીકેનું અમલીકરણ ક્યારથી શરૂ થયું હતું?**
(એ) ૨૬ જાન્યુઆરી ૧૯૩૦(બી) ૧૫ ઓગષ્ટ ૧૯૪૭
(સી) ૨૬ નવેમ્બર ૧૯૪૯(ડી) ૨૬ જાન્યુઆરી ૧૯૫૦

**(૯) ભારતમાં પૂર્ણ કેટલા ઉચ્ચ ન્યાયાલયો છે?**
(એ) ૨૦ (બી) ૧૮
(સી) ૨૧ (ડી) ૨૫

**(૧૦) પ્રત્યેક રાજ્યની સીમા બદલવાની સત્તા કોની પાસે છે ?**
(એ) સર્વોચ્ચ ન્યાયાલય (બી) લોકસભાના સ્પીકર
(સી) ભારતના રાષ્ટ્રપતિ (ડી) ભારતની સંસદ

**(૧૧) નાબાર્ડના વર્ગીકરણ અનુસાર મધ્યમકક્ષાના ખેડૂત પાસે કેટલી જમીન હોઈ શકે ?**
(એ) ૧ હેક્ટર કરતાં વધારે (બી) ૪ હેક્ટર કરતાં વધારે
(સી) ૫ હેક્ટર કરતાં વધારે(ડી)૧૦ હેક્ટર કરતાં વધારે

**(૧૨) બીજી પંચવર્ષિય યોજનામાં રાષ્ટ્રીય ઉત્પાદનમાં કેટલા ટકા વધારવાનો ઉદ્દેશ હતો?**
(એ) ૧૦% (બી) ૧૫%
(સી) ૨૦% (ડી) ૨૫%

**(૧૩) નીચેનામાંથી પ્રત્યક્ષ વેરો કયો છે ?**
(એ) આબકારી (બી) વેચાણ
(સી) આવક (ડી) બધા જ વેરા

**(૧૪) ગ્રામીણ બેન્કોની સ્થાપના કરવાની ભલામણ કોણે કરી હતી ?**
(એ) સરૈયા સમિતિ (બી) મુદલિયાર સમિતિ
(સી) ચેલૈયા સમિતિ (ડી) એમ નરસિંહમ સમિતિ

**(૧૫) ડૉ. આંબેડકરે નીચેના પૈકી કયુ પુસ્તક લખ્યું નથી ?**
(એ) થોર્ટસ ઓન પાકિસ્તાન(બી) ધ પ્રોબ્લેમ ઓફ રૂપી
(સી) ધ એસેન્સ ઓફ ટુથ (ડી) રિડલ્સ ઈન હિંદુઈઝમ

**(૧૬) ગ્રામસભાને આયોજિત કરવાનું કાર્ય કોણ કરે છે?**
(એ) ગ્રામ પંચાયત સચિવ (બી) સરપંચ
(સી) તલાટી (ડી) પોલીસ

**(૧૭) ભારતના પ્રથમ માહિતી કમિશ્નર કોણ ?**
(એ) વઝાહત હબિબ ઉલ્લાહ (બી) ફારૂખ અબ્દુલ્લા
(સી) કૃષ્ણમૂર્તિ (ડી) જયપાલ રેડ્ડી

**(૧૮) ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે કલામની આત્મકથા કઈ છે ?**
(એ) આય ડેઅર (બી) ડિસ્કવરી ઓફ ઈન્ડિયા
(સી) અગ્નિ પંખ (ડી) ઈટ ઈઝ ઓલવેઝ પોસીબલ

**(૧૯) 'ઈક્રિયેટ' નામની સંશોધન સંસ્થા ક્યાં આવેલી છે ?**
(એ) હૈદ્રાબાદ (બી) બેંગ્લોર
(સી) મુંબઈ (ડી) ગાંધીનગર

**(૨૦) આઠ અઠવાડિયા સુધીના મરઘાને શું કહેવાય છે ?**
(એ) લેઅર્સ (બી) ચિક્સ
(સી) ગ્રોઅર (ડી) આ પૈકીના તમામ

**(૨૧) મિશ્રિત દૂધ કયા પ્રકારના સાધનથી ઓળખી શકાય છે ?**
(એ) હાઈડ્રોમીટર (બી) નેનોમીટર
(સી) લેક્ટોમીટર (ડી) મલ્ટીમીટર

**(૨૨) 'ચ્યવનપ્રાશ' નામનું ટોનિક શામાંથી તૈયાર થાય છે ?**
(એ) આમળાં (બી) આદુ
(સી) મધ (ડી) ખાંડ

**(૨૩) 'હાફૂસ કેરી' અને 'કાજુ' કયા વિસ્તારમાં સૌથી વધારે મળી આવે છે ?**
(એ) કોંકણ (બી) ખંડવા
(સી) સૌરાષ્ટ્ર (ડી) મરાઠાવાડા

**(૨૪) જાંબુનું ફળ કયા રોગ માટે ફાયદા કારક છે ?**
(એ) હ્રદયરોગ (બી) કેન્સર
(સી) બ્લડ પ્રેસર (ડી) ડાયાબિટીસ

**(૨૫) ફળોમાં કયા પ્રકારના પોષક તત્વોને કારણે આકર્ષક રંગ મેળવી શકાય છે?**
(એ) ઈથિલીન (બી) ઈથરેલ
(સી) ઈથેન (ડી) આ પૈકી કોઈપણ નહીં.

**(૨૬) ટપક સિંચાઈ પધ્ધતિનો ખરા અર્થમાં યોગ્ય તકનીકી તરીકે ઉપયોગ કરનાર દેશ કયો છે ?**
(એ) અમેરિકા (બી) જાપાન
(સી) ઈઝરાયેલ (ડી) જર્મની

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર
**આર. એન. કોટક**

**(૨૭) રબ્બરના વૃક્ષોમાંથી કાચું રબ્બર કાઢવાની પધ્ધતિ કયા નામે ઓળખાય છે ?**
(એ) ટેપિંગ (બી) જેલોંગ
(સી) રબ્બર કેનિંગ (ડી) રબ્બર કલ્ચર

**(૨૮) 'મગફળી' પાકનું મૂળ સ્થાન નીચેનામાંથી કયો દેશ છે ?**
(એ) બ્રાઝિલ (બી) ભારત
(સી) મલેશિયા (ડી) ચીન

**(૨૯) રાજ્યસભાના સભાપતિ કોણ હોય છે?**
(એ) ગૃહમંત્રી (બી) રાજ્યપાલ
(સી) ઉપરાષ્ટ્રપતિ (ડી) રાષ્ટ્રપતિ

**(૩૦) 'અભિનવ બિંદ્રા' રમતવીર કઈ રમત સાથે સંકળાયેલ છે ?**
(એ) રાઈફલ શૂટિંગ (બી) ક્રિકેટ
(સી) કુસ્તી (ડી) ટેનિસ

**(૩૧) નીચેનામાંથી ૨૦૦૯ની 'મિસ ઈન્ડિયા' કોણ હતી?**
(એ) માધવી અવસ્થી (બી) રોમીમોરી
(સી) કલ્પના અવસ્થા (ડી) સાનિયા

**(૩૨) રિહન્દ ઘાટી પરિયોજના કયા રાજ્યમાં આવેલ યોજના છે?**
(એ) ઉત્તરાખંડ (બી) ઉત્તર પ્રદેશ
(સી) ઝારખંડ (ડી) સિક્કીમ

**(૩૩) 'સામ્યવાદ'ને પ્રોત્સાહન આપનાર કોણ ?**
(એ) હંગલ (બી) સસો
(સી) કાર્લ માર્કસ (ડી) જોન સ્ટુઅર્ટ

**(૩૪) 'સાર્ક' માં કેટલા દેશોનો સમાવેશ થાય છે ?**
(એ) ૫ (બી) ૯
(સી) ૭ (ડી) ૧૧

**(૩૫) 'સાગરકન્યા' અને 'સાગરસંપદા' નામની સાગર સંશોધન માટેની નૌકા નીચેના પૈકી કયા દેશો પાસેથી અનુક્રમે ભારતે ખરીદી છે?**
(એ) જર્મની ફ્રાન્સ (બી) ફ્રાન્સ અને બ્રિટન
(સી) જર્મની અને ડેન્માર્ક (ડી) સ્વિડન અને જર્મની

**(૩૬) વલ્લભભાઈ પટેલને 'સરદાર' તરીકેની પદવી કોણે આપી હતી ?**
(એ) ખેડૂતોએ (બી) ગાંધીજીએ
(સી) સાવરકરે (ડી) આ પૈકી કોઈએ નહીં.

**(૩૭) ભારતમાં આવનાર પ્રથમ અંગ્રેજ કોણ?**
(એ) થોમસ સ્ટિવન્સન (બી) રોબર્ટ ક્લાઈવ
(સી) સર થોમસરો (ડી) કેનીન

**(૩૮) ભ્રમર ગીતોની રચના કોણે કરી હતી ?**
(એ) કાલિદાસ (બી) કબીર
(સી) સૂરદાસ (ડી) અમીર ખુસરો

**(૩૯) માનવ શરીરના તાપમાનને નિયંત્રીત કરનારી ગ્રંથી કઈ છે ?**
(એ) પિચ્યુટરી ગ્રંથિ (બી) થાયરોઈટ
(સી) એડ્રેનલ (ડી) હાયપોથેલેમસ

**(૪૦) ઉષ્ણતામાન વધારાતા પદાર્થમાં કયા પ્રકારના ગુણધર્મમાં ફેરફાર થાય છે?**
(એ) વજન (બી) રંગ
(સી) આકાર (ડી) ઉપરના બધા જ

**(૪૧) ૧૯૦૫માં બંગાળ પ્રાંતની બે ભાગમાં કોણે વહેંચણી કરી હતી ?**
(એ) લોર્ડ કર્ઝન (બી) લોર્ડ ડફરીન
(સી) લોર્ડ મેકરીન (ડી) વેલેસ્લી

**(૪૨) ભારતમાં સૌ પ્રથમ આવનાર અને બધાથી છેલ્લા જનાર યુરોપિયન કોણ હતાં?**
(એ) અંગ્રેજો (બી) ડચ
(સી) પોર્ટુગીઝ (ડી) ફ્રેન્ચ

**(૪૩) હડપ્પા કાલીન શહેર 'સુરકોટડા' કયા આવેલ છે ?**
(એ) પાકિસ્તાન (બી) સિંધ
(સી) ગુજરાત (ડી) રાજસ્થાન

**(૪૪) નીચેના પૈકી કોને 'પ્લાસ્ટીક મની' કહેવામાં આવે છેં?**
(૧) ડિમાન્ડ ડ્રાફ્ટ (૨) ક્રેડિટ કાર્ડ
(૩) ડેબિટ કાર્ડ
(એ) ફક્ત ૧ (બી) ફક્ત ૨
(સી) ફક્ત ૩ (ડી) ૨ અને ૩

**(૪૫) નીચેનામાંથી કઈ ભારતમાં કાર્યરત એક બેન્કનું નામ નથી?**
(એ) યસ (બી) એચડીએફસી
(સી) તાતા (ડી) કોટક મહિન્દ્રા

**(૪૬) નીચેનામાંથી કયો એક વીરતા પુરસ્કાર નથી?**
(એ) વીર ચક્ર (બી) જીવનરક્ષા પદક
(સી) અશોક ચક્ર (ડી) સરસ્વતી સમ્માન

**(૪૭) ભારતીય ઓઈલ કંપનીએ પોતાની સ્થાપનાને ૨૦૦૯માં કેટલા વર્ષ પૂર્ણ કર્યા ?**
(એ) ૨૫ (બી) ૫૦
(સી) ૭૫ (ડી) ૧૦૦

**(૪૮) નીચેનામાંથી કોણ 'તારીખ-એ-અલાઈ' ના લેખક છે?**
(એ) જિયાઉદ્દીન બટની (બી) શમ્સ સિરાજ અફીફ
(સી) અમીર ખૂસરો (ડી) યાહિયા બિન અહમદ.

**(૪૯) ઓ અને એબી લોહીના સમુહવાળા વ્યક્તિઓના સંતાન નીચેનામાંથી કયા સમુહમાં એમની ભાવિ પેઢી આવી શકે ?**
(એ) ઓ,એ,બી અને એબી (બી) એ અને બી
(સી) એ અને બી, એબી (ડી) ઓ અને એબી

**(૫૦) રાષ્ટ્રગીત 'વંદેમાતરમ્' નીચેનામાંથી કોનો અંશ છે ?**
(એ) દુર્ગેશ નન્દિની (બી) સરસ્વતીચંદ્ર
(સી) ગૃહદાહ (ડી) આનંદ મઠ

## જવાબ

(૧) બી (૨) એ (૩) સી (૪) બી (૫) એ (૬) બી (૭) એ (૮) ડી (૯) સી (૧૦) ડી (૧૧) બી (૧૨) ડી (૧૩) સી (૧૪) ડી (૧૫) સી (૧૬) બી (૧૭) એ (૧૮) સી (૧૯) બી (૨૦) બી (૨૧) સી (૨૨) એ (૨૩) એ (૨૪) ડી (૨૫) એ (૨૬) સી (૨૭) એ (૨૮) એ (૨૯) સી (૩૦) એ (૩૧) એ (૩૨) બી (૩૩) સી (૩૪) સી (૩૫) સી (૩૬) એ (૩૭) એ (૩૮) સી (૩૯) ડી (૪૦) સી (૪૧) એ (૪૨) સી (૪૩) સી (૪૪) ડી (૪૫) સી (૪૬) ડી (૪૭) બી (૪૮) સી (૪૯) બી (૫૦) ડી

# સ્ટાફ સિલેક્શન કમિશન
# આસિ. સબ ઇન્સ્પેક્ટર (એક્ઝિ.) ઇન CISF એક્ઝામિનેશન-૨૦૧૦

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૮-૬-૨૦૧૦**

**જગ્યાની કુલ સંખ્યા : ૧૦૦૦**

**પરીક્ષાની તારીખ : ૨૯-૮-૨૦૧૦**

કેન્દ્રીય ઔદ્યોગિક સલામતી દળ **CISF** માં સબ ઈન્સ્પેક્ટર (એક્ઝિ.)ની નિમણૂક માટે સ્ટાફ સિલેકશન કમિશન દ્વારા **તા. ૨૯-૮-૨૦૧૦**ના રોજ અખિલ ભારતીય ધોરણે સ્પાર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

❑ **જગ્યાઓની સંખ્યા/અનામત**

| | સામાન્ય | અ.જા. | અ.જ.જા. | અ.પ.વ. | કુલ | એક્સ. સર્વિસમેન |
|---|---|---|---|---|---|---|
| પુરૂષ | ૪૫૫ | ૧૩૫ | ૬૭ | ૨૪૩ | ૯૦૦ | કુલ |
| મહિલા | ૫૧ | ૧૫ | ૦૭ | ૨૭ | ૧૦૦ | જગ્યાના |
| કુલ : | ૫૦૬ | ૧૫૦ | ૭૪ | ૨૭૦ | ૧૦૦૦ | ૧૦ટકા |

- ♦ દર્શાવવામાં આવેલી જગ્યાઓની સંખ્યા કામચલાઉ છે. તેમાં વધ-ઘટ થઈ શકે છે.
- ♦ પસંદ થયેલ ઉમેદવારની ભારતમાં ગમે ત્યાં નિમણૂક થઈ શકે છે.

❑ **રાષ્ટ્રીયતા : (ભારતનો નાગરિક હોવો જોઈએ.)**

♦ **વયમર્યાદા :** તા. ૨૮-૬-૨૦૧૦ના રોજ ૨૦ થી ૨૫ વર્ષ એટલે કે ઉમેદવાર તા. ૨૯-૬-૧૯૮૫ પહેલાં અને તા. ૨૮-૬-૧૯૯૦ બાદ જન્મ્યા ન હોવા જોઈએ.

♦ **વયમર્યાદામાં છૂટછાટ :**

| કોડ નંબર | કેટેગીરી | મળવાપાત્ર છૂટછાટ |
|---|---|---|
| ૦૧ | અ.જા/અ.જ.જા | ૫ વર્ષ |
| ૦૨ | અ.પ.વ. | ૩ વર્ષ |
| ૦૯ | એક્સ સર્વિસ મેન (સામાન્ય) | આર્મીમાં કરેલી નોકરીના વર્ષ હાલની ઉંમરમાંથી બાદ કર્યા બાદ બાકી રહેતી ઉંમરના ત્રણ વર્ષ સુધી |
| ૧૦ | એક્સ સર્વિસ મેન (અ.પ.વ.) | આર્મીમાં કરેલી નોકરીના વર્ષ હાલની ઉંમરમાંથી બાદ કર્યા બાદ બાકી રહેતી ઉંમરના ૬ વર્ષ સુધી |
| ૧૧ | એક્સ સર્વિસ મેન (અ.જ.જા./અ.જ.જા.) | આર્મીમાં કરેલી નોકરીના વર્ષ હાલની ઉંમરમાંથી બાદ કર્યા બાદ બાકી રહેતી ઉંમરના ૦૮ વર્ષ સુધી |
| ૧૬ | કેન્દ્રના કર્મચારીઓ જેમણે સળંગ ત્રણ વર્ષ નોકરી પૂર્ણ કરી હોય (સામાન્ય વર્ગ) | ૫ વર્ષ |
| ૧૮ | કેન્દ્રના કર્મચારીઓ જેમણે સળંગ ત્રણ વર્ષ નોકરી પૂર્ણ કરી હોય (અ.પ.વ.) | ૮ વર્ષ |
| ૨૦ | કેન્દ્રના કર્મચારીઓ જેમણે સળંગ ત્રણ વર્ષ નોકરી પૂર્ણ કરી હોય (અ.જા./અ.જ.જા.) | ૧૦ વર્ષ |
| ૨૪ | વિધવા/ત્યક્તા/પતિથી કાયદેસર અલગ રહેતી અને પુનઃ વિવાહ ન કર્યા હોય તેવી મહિલા (સામાન્ય) | ૩૫ વર્ષની વય સુધી |
| ૨૫ | વિધવા/ત્યક્તા/પતિથી કાયદેસર અલગ રહેતી અને પુનઃ વિવાહ ન કર્યા હોય તેવી મહિલા (અ.પ.વ.) | ૩૮ વર્ષની વય સુધી |
| ૨૬ | વિધવા/ત્યક્તા/પતિથી કાયદેસર અલગ રહેતી અને પુનઃ વિવાહ ન કર્યા હોય તેવી મહિલા (અ.જા./અ.જ.જા.) | ૪૦ વર્ષની વય સુધી |

❑ **શૈક્ષણિક લાયકાત :** તા. ૨૮-૬-૨૦૧૦ના રોજ ઉમેદવાર માન્ય યુનિવર્સિટીની સ્નાતકની ડિગ્રી અથવા તેને સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઈએ.

- ♦ તા. ૨૮-૬-૨૦૧૦ ના રોજ સ્નાતક ન થયા હોય તેવા ઉમેદવારોએ અરજી કરવી નહીં.
- ♦ માનવ સંશોધન મંત્રાલયના જાહેરનામા અન્વયે ઓપન યુનિ./ડિસ્ટન્સ એજ્યુકેશન મોડ ધ્વારા સ્નાતકની ડિગ્રી મેળવી હોય તે ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલ-ઈગ્નુ ધ્વારા માન્ય હોવી જરૂરી છે. અન્યથા આવી ડિગ્રી શૈક્ષણિક લાયકાત તરીકે માન્ય ગણી શકાશે નહીં.
- ♦ ઈન્ટરવ્યુ પર્સનાલીટી ટેસ્ટ માટે લાયક ઠરેલા ઉમેદવારોએ લાયકાતને લગતા તમામ પ્રમાણપત્ર/દસ્તાવેજ અસલમાં રજૂ કરવાના રહેશે.

❑ **અરજી ફી ની ચૂકવણી :** ઓફ લાઈન (ટપાલ ધ્વારા) અરજી માટે : ઉમેદવારોએ અરજી ફી સેન્ટ્રલ રિક્રૂટમેન્ટ ફી સ્ટેમ્પ **(CRFS)** ધ્વારા ચૂકવવાની છે. **(CRFS)** બધી જ પોસ્ટ ઓફિસમાં ઉપલબ્ધ છે. **(CRFS)** અરજી ફોર્મમાં નિર્ધારિત જગ્યાએ ચોંટાડવાનો રહેશે. ત્યાર બાદ જે પોસ્ટ ઓફિસમાંથી તે ખરીદ્યો હોય તેના કાઉન્ટર ઉપરથી તારીખના સિક્કા સાથે કેન્સલ કરાવવાનો રહેશે. કેન્સલનો સિક્કો એવી રીતે લાગેલો હોવો જોઈએ કે તેની અડધી છાપ સ્ટેમ્પ ઉપર અને બાકીની છાપ અરજી ફોર્મ ઉપર પડે. સિક્કાની છાપ સ્પષ્ટ હોવી જોઈએ એટલે કે તેમાં તારીખ અને પોસ્ટ ઓફિસનું નામ સ્પષ્ટ વંચાવું જોઈએ. સ્ટેમ્પ કેન્સલ કરાવ્યા બાદ ઉમેદવારે પોતાનું અરજીફોર્મ કમિશનની સંબંધિત રિજિયન ઓફિસ/સબ રિજિયન ઓફિસને મોકલી આપવાનું રહેશે.

- ♦ **ઓન લાઈન અરજી :** ઓન લાઈન અરજી કરવા ઈચ્છતા ઉમેદવારોએ અરજી ફી સ્ટેટ બેંન્ક ઓફ ઈન્ડિયામાં ચલનથી અથવા નેટ બેન્કિંગના માધ્યમથી ચુકવવાની રહેશે.
- ♦ **CRFS/** એસ.બી.આઈ. સિવાયના માધ્યમથી ચૂકવવામાં આવેલી અરજી ફી સ્વીકારવામાં આવશે નહીં.
- ♦ **CRFS** ને સંબંધિત પોસ્ટ ઓફિસ કાઉન્ટર ઉપર કેન્સલ કરાવ્યા વિના મોકલવામાં આવેલા અરજીફોર્મ રદ કરવામાં આવશે.

❑ **પરીક્ષા કેન્દ્રો :** ઉમેદવારોએ નીચે દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો પૈકી કોઈ એક કેન્દ્ર પસંદ કરવાનું રહેશે તેમજ તેની સામે દર્શાવેલ સરનામે અરજી મોકલવાની રહેશે.

♦ **ગુજરાતના ઉમેદવારો માટે :** અમદાવાદ (કોડ નં **7001)**, વડોદરા (કોડ નં **7002)**, રાજકોટ (કોડ નં **7006)**, સુરત (કોડ નં **7007)**.

♦ **અરજી મોકલવાનું સરનામું :**

**Regional Director (W.R.) Staff Selection Commission, 1st Floor, South Wing, Pratishta Bhavan, 101 M. K. Road, Mumbai, Maharashtra-400020.**

❑ **પરીક્ષાનો કાર્યક્રમ :**

♦ લેખિત પરીક્ષા -પેપર-૧

| અ. નં. | વિષય | પ્રશ્નોની સંખ્યા | મહત્તમ ગુણ | સમય અવધિ |
|---|---|---|---|---|
| ભાગ-**A** | જનરલ ઈન્ટેલિજન્સ એન્ડ રીઝનીંગ | ૫૦ | ૫૦ | બે કલાક (સવારે ૧૦-૦૦ બપોરે ૧૨-૦૦) |
| ભાગ-**B** | જનરલ નોલેજ એન્ડ જનરલ અવેરનેસ | ૫૦ | ૫૦ | |
| ભાગ-**C** | ન્યુમેરિકલ એપ્ટિટ્યુટ | ૫૦ | ૫૦ | |
| ભાગ-**D** | અંગ્રેજી ગદ્ય લેખન | ૫૦ | ૫૦ | |

**પેપર-૨**

| **વિષય** | **મહત્તમ ગુણ / પ્રશ્નો** | **સમય અવધિ** |
|---|---|---|
| અંગ્રેજી ભાષા અને ગદ્ય લેખન | ૨૦૦ ગુણ / ૨૦૦ પ્રશ્નો | બપોરે ૨-૦૦ થી ૪-૦૦ |

- ♦ પરીક્ષાના વિગતવાર અભ્યાસક્રમ માટે તા. ૨૯-૫-૨૦૧૦નો એમ્પ્લોયમેન્ટ ન્યુઝનો અંક જોવો અથવા કમિશનની વેબસાઈટ **http//ssc.nic.in** જોવી.
- ♦ પ્રશ્નો હેતુલક્ષી પ્રકારના બહુવિકલ્પ આધારિત રહેશે. પ્રશ્નો હિન્દી અને અંગ્રેજીમાં સેટ કરવામાં આવશે.

❑ **ફિઝિકલ એન્ડ્યુરન્સ ટેસ્ટ (PET) (ફરજિયાત):** ઉમેદવારોએ **PET** અને તબીબી પરીક્ષા પસાર કરવાની રહેશે.

♦ **શારીરિક ધોરણ :**

| કેટેગરી | ઊંચાઈ સે.મી. | છાતીનું માપ (સે.મી.) ફુલાવ્યાવિના | ફૂલાવેલી |
|---|---|---|---|
| પુરૂષ (સામાન્ય વર્ગ) | ૧૭૦ | ૮૦ | ૮૫ |
| પુરૂષ-પહાડી વિસ્તારો ઉત્તર-પૂર્વીય રાજ્યોના ઉમેદવારો | ૧૬૫ | ૮૦ | ૮૫ |
| આદિજાતિ પુરૂષ ઉમેદવારો | ૧૬૨.૫ | ૭૭ | ૮૨ |
| મહિલા (સામાન્ય) | ૧૫૭ | - | - |
| મહિલા-પહાડી વિસ્તારો, ઉત્તર-પૂર્વીય રાજ્યોના ઉમેદવારો | ૧૫૫ | - | - |
| આદિજાતિ મહિલા ઉમેદવારો | ૧૫૪ | - | - |

♦ **PET : પુરૂષ ઉમેદવારો**

(અ) ૧૦૦ મીટર દોડ - ૧૬ સેકન્ડ
(બ) ૧.૬ કિ.મી. દોડ - ૬.૫ મિનિટ
(ક) લાંબો કુદકો - ૩.૬૫ મીટર (ત્રણ તક)
(ડ) ઊંચો કુદકો - ૧.૨ મીટર (ત્રણ તક)
(ધ) શોટ પૂટ-(૧૬ **Lbs**) ૪.૫ મીટર (ત્રણ તક)

♦ **મહિલા ઉમેદવારો**

(અ) ૧૦૦ મીટર દોડ - ૧૮ સેકન્ડ
(બ) ૮૦૦ મી. દોડ - ૪ મિનિટ
(ક) લાંબો કુદકો - ૨.૭ મીટર (૯ ફૂટ) (૩ તક)
(ડ) ઊંચો કુદકો - ૦.૯ મીટર (૩ ફૂટ) (૩ તક)

- ♦ **વજન :** ઉંચાઈને અનુરૂપ વજન હોવું જરૂરી છે.
- ♦ **દ્રષ્ટિ :** લઘુત્તમ દૂરની દ્રષ્ટિ કરેકશન વિના બંને આંખોમાં ૬.૬, ૬.૯ હોવી જોઈએ.
- ♦ ઉમેદવાર વળેલા ઘૂંટણ, સપાટ પગ, વેરીકોસ વેઈન, ત્રાંસી આંખ જેવી શારીરિક ખોડ ધરાવતા ન હોવા જોઈએ. ઉમેદવાર ઉચ્ચ કક્ષાની રંગ પારખવાની દ્રષ્ટિ ધરાવતા હોવા જોઈએ. ઉમેદવાર સારૂ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય ધરાવતા હોવા સાથે ફરજમાં અડચણરૂપ બને તેવી કોઈપણ શારિરીક ખામીથી મુક્ત હોવા જરૂરી છે.
- ♦ **PET** ના કોઈપણ ગુણ નથી. પરંતુ તેમાં ક્વોલીફાઈ થવું જરૂરી છે. એક્સ સર્વિસમેન ઉમેદવારોએ **PET** આપવાની નથી.
- ♦ **તબીબી પરીક્ષા :** **PET** માં ક્વોલીફાઈ થનાર ઉમેદવારનું ત્યાર બાદ **CISF** ના મેડિકલ ઓફિસર અથવા વર્ગ-૧ના અન્ય તબીબી અધિકારી ધ્વારા તબીબી પરિક્ષણ કરવામાં આવશે. **PET**અને તબીબી પરિક્ષણમાં સફળ થયેલ ઉમેદવારોને ઈન્ટરવ્યુ/પર્સનાલીટી ટેસ્ટ માટે બોલાવવામાં આવશે. જેના ૧૦૦ ગુણ છે.
- ♦ **અંતિમ પસંદગી :** ઉમેદવારોની અતિમ પસંદગી પૂર્વે તાલિમના ભાગરૂપે સાત ઓબ્સ્ટેકલ ઈવેન્ટ પાસ કરવાના રહેશે. તેમાં નિષ્ફળ જનાર ઉમેદવારને સેવામાંથી છૂટા કરી દેવાશે. (૧) જમ્પીંગ ઓવર ધી વર્ટીકલ બોર્ડ (૨) હોલ્ડીંગ ધ રોપ ઓન જમ્પીંગ ફ્રોમ ધ બોર્ડ (૩) ટારઝન સ્વીંગ (૪) જમ્પીંગ ઓન ધ હોરીઝોન્ટલ બોર્ડ (૫) પેરેલલ રોપ (૬) મંકી ક્રોલ (૭) વર્ટીકલ રોપ

❑ **અરજી કેવી રીતે કરશો ?**

♦ નિયત નમૂના પ્રમાણે અરજી મોકલનાર ઉમેદવારોને અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ બાદ બે સપ્તાહમાંરોલ નંબર ફાળવવામાં આવશે. ♦ પરીક્ષાના બે સપ્તાહ પૂર્વે ઉમેદવારોને પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ, પરીક્ષા સ્થળનું સરનામું દર્શાવેલ પ્રવેશ કાર્ડ મોકલવામાં આવશે. ♦ જો કોઈ ઉમેદવારોને પરીક્ષાના એક સપ્તાહ પૂર્વ સુધીમાં પ્રવેશ કાર્ડ ન મળે અથવા ડાઉનલોડ ન થઈ શકે તો તેઓએ અરજી કર્યાની સાબિતી સાથે સંબંધિત રીજીયન/સબ રીજીયન ઓફિસનો તાત્કાલિક સંપર્ક કરવો. ♦ જાહેરાત સંબંધી કોઈપણ વિવાદ સર્જાશે તો તેના ન્યાયિક નિરાકરણ માટે ન્યાયિક ક્ષેત્ર જે તે રીજીયન/સબ રીજીયન ઓફિસના કાર્યક્ષેત્રમાં આવતી અદાલતો/ટ્રીબ્યુનલ રહેશે. ♦ **ઓન લાઈન અરજી :** ઓન લાઈન અરજી કરવા ઈચ્છતા ઉમેદવારોએ કમિશનની વેબસાઈટ **www. ssconline. nic.in** ઉપર ઓન લાઈન અરજી કરી શકે છે. ♦પરીક્ષા સંબંધી વિગતવાર જાણકારી વિવિધ, કોડ નંબરની જાણકારીમાટે તારીખ ૨૯-૫-૨૦૧૦નો એમ્પ્લોયમેન્ટ ન્યૂઝનો અંક જોવો અથવા વેબસાઈટ **http://ssc.nic.in** જોવી.

●

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત.